dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 209 | AD - 2024, Chaitra Vad - 10 | Friday, Dt.03-05-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## ભરત સુતરીયા નામનું કમળ દિલ્હી ખાતે મોકલવા વડાપ્રધાનની જૂનાગઢ સભામાં અમરેલીવાસીઓને અપીલ

# અમરેલીથી ભરત સુતરીયાને વિજયી બનાવો : નરેન્દ્ર મોદી

(એ.આર.એલ),આણંદ,તા.૨

લોકસભા ચૂંટણીના પ્રચાર અર્થે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના ગુજરાત પ્રવાસે છે. આ દરમિયાન તેમણે આણંદ બાદ સુરેન્દ્રનગર, જૂનાગઢ અને જામનગરમાં પણ ભવ્ય જનસભા ને સંબોધી હતી, વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ દેશના વિકાસની વાતો સાથે ભાજપની કામગીરી અને સરકારની સિદ્ધિઓની વાત કરી. પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસે ૬૦ વર્ષ સુધી બેંકો પર કબજો કર્યો. તેમણે કોંગ્રેસ અને કોંગ્રેસના શાહજાદા રાહુલ ગાંધી પર પણ આડકતરા પ્રહારો કર્યા. પીએમ મોદીએ લોકોને વધુમાં વધુ મતદાન માટે અપીલ કરવા સાથે ભાજપને મહત્તમ ૪૦૦ બેઠકો પાર કરવાની સિદ્ધિમાં સાથ આપવા હાકલ કરી હતી.

પીએમ મોદીએ કહ્યું, 'ગુજરાતની જનતાના આશીર્વાદ માંગવા આવ્યો છું. ગુજરાતની ધરતી સાવજોની ધરતી છે. સંતો અને વડીલોને મારા પ્રણામ. આ ચૂંટણી સામાન્ય ચૂંટણી નથી. મારૂં ભારત, મારો પરિવાર એ ભાવ સાથે કામ કરું છું. જૂનાગઢ જિલ્લામાં ટૂરિઝમની મોટી તાકાત છે. કેશોદના એરપોર્ટને ગાજતું કરવું છે. આ પ્રેમ અને આશીર્વાદ મારી મોટી મૂડી છે. આ જમીન દુનિયાની કસોટી પર પાર ઉતરી છે. હૃદયમાં મારું ભારત એવો એક જ ભાવ છે.'

વડાપ્રધાન મોદીએ દેશના વિકાસના અવિરત કામ કર્યા. મોદી સાહેબે જે વાયદા કર્યા તે તમામ પાળ્યા છે. ગયા ૧૦ વર્ષમાં મે ક્યારેય પાછું વળીને નથી જોયું. તમારું લાઈટ બિલ ઝીરો કરવાની યોજના છે. હવે ઈલેક્ટ્રિક વ્હીકલ આવવાના છે.



PM સૂર્ય ઘર યોજના મારું સપનું છે. અમરેલીથી ભરત સુતરીયાને ભારે મતોથી વિજયી બનાવવા અમરેલીના લોકોને અપીલ કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, મારે બધા પોલિંગ બુથ જીતવા છે.

ઈન્ડી. ગઠબંધન અને કોંગ્રેસ પર પ્રહાર કરતાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસની નિયતમાં જ ખોટ છે. ગુજરાત માટે કોંગ્રેસને ખૂબ નફરત છે. કાશ્મીરમાં કોંગ્રેસે સંવિધાન લાગુ ન કર્યું. કોંગ્રેસના શહેજાદાઓને ચેતવણી આપું છું. હિંદુ શરણાર્થીઓને CAA અંતર્ગત અધિકારો મળે છે. કોંગ્રેસ ફરીથી દેશમાં ૩૭૦ નહીં લાવી શકે. અમારી સરકારે ત્રિપલ તલાકમાંથી મહિલાઓને મુક્તિ આપી જે કોંગ્રેસને બિલકુલ પસંદ આવ્યું નથી. કોંગ્રેસના સાંસદ દ.ભારતને અલગ કરવાની માંગ કરે છે. INDI એલાયન્સની પાર્ટી ગઠબંધનની નહિ પરંતુ વિભાજનની માનસિકતા ધરાવે છે. કોંગ્રેસને વિભાજનની માનસિકતા વિરાસતમાં મળી છે. કોંગ્રેસે શ્રીલંકાને મફતમાં ટાપુ પધરાવી દીધો. અયોધ્યામાં ભવ્ય રામમંદિર બનવું એ આપણું સૌભાગ્ય છે. જ્યારે કોંગ્રેસે હંમેશા રામ મંદિરનો વિરોધ કર્યો અને રામ મંદિરના આમંત્રણને નકાર્યું. કોંગ્રેસ માટે ભગવાન રામ વિરુદ્ધ લડાઈની આ ચૂંટણી છે. કોંગ્રેસ પોતાના અલગ રંગમાં આવી ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે આણંદમાં ચૂંટણી રેલીને સંબોધિત કરતા કોંગ્રેસ અને તેના સાંસદ રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું હતું. પીએમ મોદીએ કહ્યું, કોંગ્રેસના રાજકુમાર બંધારણને માથે રાખીને નાચી રહ્યા છે. કોંગ્રેસના રાજકુમાર માટે પાકિસ્તાનમાં પ્રાર્થનાઓ થઈ રહી છે. પીએમએ કહ્યું, કોંગ્રેસના સમયમાં દેશમાં બે બંધારણ અને બે ઝંડા હતા. મેં કાશ્મીરમાં ત્રિરંગો ધ્વજ લહેરાવીને સરદાર સાહેબનું સપનું પૂરું કર્યું. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે મોદીની મજબૂત સરકાર ન તો ઝૂકે છે અને ન અટકે છે. માત્ર ભારત જ વિશ્વના વિકાસને વેગ આપી શકે છે. દુનિયામાં ઝઘડા થાય છે ત્યારે ભારતને વિશ્વ મિત્ર તરીકે વિવાદો ઉકેલવા માટે આહવાન કરવામાં આવે છે.

## ભારત અને ઈઝરાયેલ બંને આતંકવાદનો સામનો કરી રહ્યાં છે

# ઈઝરાયેલ તરફી દેખાવકારોએ અમેરિકાની યુનિ.માં 'જય શ્રી રામ'ના નારા લગાવ્યા

### દેખાવકારોએ ભારતવિરોધી વલણ રાખનારાઓની ટીકા કરી

વોશિંગ્ટન,તા.૨

અમેરિકાની યુનિવર્સિટીમાં ઈઝરાયલ તરફી દેખાવકારોએ 'જય શ્રી રામ' ના નારા લગાવ્યા હતા. ઉલ્લેખનીય તે છે કે મુસ્લિમમાંથી હિન્દુ બનેલો શાયાન અલિ ક્રિષ્ણા પણ ઈઝરાયલ તરફી દેખાવકારોમાં અગ્રીમ રહ્યો હતો. પાકિસ્તાનમાં જન્મેલા આ શાયાન અલિ ક્રિષ્ણાએ કહ્યું હતું કે હૃદયથી હું ભારતીય છું. પસંદગીથી હું અમેરિકન છું. તેણે ઈઝરાયલનો ધ્વજ પણ પોતાની ફરતો વીંટાળેલો હતો. આ વીડિયો અત્યારે વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં તે તેમ કહેતો દેખાય છે કે તેણે પોતાની ફરતો ઈઝરાયલી ધ્વજ પણ વીંટાળ્યો છે.



આ શાયાન અલિ ક્રિષ્ણાએ ભારત વિરોધી વલણ રાખનારાઓની પણ ટીકા કરી હતી. તેણે "જય શ્રી રામ"ના નારા લગાવવા સાથે ઈઝરાયલ તરફી પણ નારા લગાવ્યા હતા.

આ દક્ષિણ એશિયાઈ યુવાને તેના સોશ્યલ મીડિયા હેન્ડલ પર લખ્યું હતું કે ભારત અને ઈઝરાયલ એક જ પેઈજ ઉપર છે. બંને આતંકવાદનો સામનો કરી રહ્યા છે. બંને પાડોશમાંથી આવતા આતંકવાદનો સામનો કરી રહ્યા છે. સહજ રીતે જ તેણે હમાસ અને પાકિસ્તાનમાંથી આવતા આતંકવાદનો આ દ્વારા સંદર્ભ આપ્યો હતો.

ઈઝરાયલ હમાસ યુદ્ધ વિષે ક્રિષ્નાના મંતવ્યથી તદ્દન વિરૂદ્ધ અમેરિકાની અનેક યુનિવર્સિટીઓમાં પેલેસ્ટાઈન તરફી દેખાવો થઈ રહ્યા છે. દેખાવકાર વિદ્યાર્થીઓ કોલેજ કેમ્પસમાં ભારતીય વંશની અચિંત્યા શિવલિંગમ્ અગ્રેસર હતી. તેની પોલીસે ધરપકડ પણ કરી હતી અને ગયા ગુરૂવારે તેની ઉપર શિક્ષાત્મક પગલાં લઈ તેને કોલેજમાંથી રસ્ટ્રીગેટ પણ કરવામાં આવી હતી. ટૂંકમાં ઈઝરાયલ-હમાસ યુદ્ધને લીધે અમેરિકાની યુનિવર્સિટીઓમાં પણ વિદ્યાર્થીઓ વચ્ચે બે ભાગ પડી ગયા છે.


જો કે મોટાભાગના વિદ્યાર્થીઓ પેલેસ્ટાઈન તરફી છે. જ્યારે વિદ્યાર્થીઓનો એક સમૂહ ઈઝરાયલ તરફી છે. બંને જુથો વચ્ચે ઘણીવાર ટકરાવ થાય છે અને તે તીવ્ર પણ બની જાય છે, જેથી પોલીસને હસ્તક્ષેપ કરવો પડે છે.

## પં.બંગાળ સરકારે સીબીઆઈ સામે સુપ્રીમમાં ફરિયાદ દાખલ કરી છે

# કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં આપ્યો જવાબ સીબીઆઈ પર કેન્દ્રનું કોઈ નિયંત્રણ નથી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨

કેન્દ્ર સરકારે ગુરુવારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું હતું કે સીબીઆઈ પર કેન્દ્રનું કોઈ નિયંત્રણ નથી. વાસ્તવમાં, પશ્ચિમ બંગાળ સરકારે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને દાવો કર્યો છે કે સીબીઆઈએ ઘણા કેસોની તપાસ માટે રાજ્ય સરકાર પાસેથી પરવાનગી લીધી નથી. પશ્ચિમ બંગાળ સરકારે બંધારણની કલમ ૧૩૧ હેઠળ સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. જેમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે રાજ્યએ સીબીઆઈને આપવામાં આવેલી સામાન્ય સંમતિ




પાછી ખેંચી લીધી હોવા છતાં, ફેડરલ એજન્સી એફઆઈઆર નોંધીને રાજ્યના કેસોની તપાસ કરી રહી છે.

બંધારણની કલમ ૧૩૧ કેન્દ્ર અને રાજ્યોના અધિકારક્ષેત્ર સાથે સંબંધિત છે. કેન્દ્ર સરકાર વતી સુપ્રીમ કોર્ટમાં હાજર થયેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ સંદીપ મહેતાનીની ડિવિઝન બેંચને કહ્યું હતું કે 'બંધારણની કલમ ૧૩૧A એ બંધારણના સૌથી પવિત્ર અધિકારક્ષેત્રોમાંથી એક છે અને તેની જોગવાઈઓ પર કોઈ પ્રતિબંધ હોઈ શકે નહીં.

# સુપ્રીમના રજિસ્ટ્રારે સ્પેક્ટ્રમ ફાળવવાની પરવાનગી માંગતી અરજી ફગાવી

ન્યૂ દિલ્હી,તા.૨



સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રારે હરાજી વિના અમુક સ્પેક્ટ્રમની ફાળવણી કરવાની પરવાનગી માગતી કેન્દ્રની અરજીને ફગાવી દીધી હતી. સરકારે ૨૨ એપ્રિલે સુપ્રીમ કોર્ટના ૨૦૧૨ના આદેશ પર સ્પષ્ટતા માંગતી અરજી દાખલ કરી હતી. કોર્ટ રજિસ્ટ્રારે કહ્યું કે સરકાર સ્પષ્ટતા માંગવાની આડમાં આદેશની સમીક્ષા માંગી રહી છે. આ ખોટું છે. વિચાર માટે કોઈ યોગ્ય કારણ નથી. અરજીમાં સરકારે ૨ જી કેસમાં નિર્ણયની સ્પષ્ટતા કરવાની વિનંતી કરી હતી. એવું પણ કહેવામાં આવ્યું હતું કે ૨૦૧૨નો નિર્ણય અમુક સંજોગોમાં જાહેર હરાજી સિવાયના માધ્યમો દ્વારા સ્પેક્ટ્રમ ફાળવણીને પ્રતિબંધિત કરતું નથી.

શ્રી વિવેકાનંદ સ્કૂલ-બાબરા
ઉમિયાનગર, ચિતલ રોડ, બાબરા. જિ. અમરેલી
9586102525 / 94274 55593 / 94288 92183
નવા સત્ર ૨૦૨૪-૨૫ માટે શિક્ષકો જોઈએ છે.
◆ પ્રી-પ્રાયમરી
PRE. PTC, PTC, B.Com, B.A., B.Sc. (શિક્ષીકા બહેનો)
◆ ધો. ૧ થી ૫
PTC, B.A. B.Ed., B.Com., B.Ed., B.Sc., B.Ed.
◆ ધો. ૬ થી ૮
B.A. B.Ed., B.Sc., B.Ed., B.Com., B.Ed.
◆ ધો. ૯, ૧૦
B.Sc/ M.Sc., B.Ed., B.A./ M.A. B.Ed., B.Com. B.Ed.
◆ ધો. ૧૧, ૧૨ (કોમર્સ)
M.Com., B.Ed., M.A., B.Ed.
◆ ડ્રોઈગ, કોમ્પ્યુટર તથા સ્પોર્ટસના શિક્ષકો
◆ Office clerk
કમ્પ્યુટરના જાણકાર
ઉપરોકત લાયકાત ધરાવતા શિક્ષકોએ સંપૂર્ણ વિગત સાથેની અરજી તેમજ પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે શાળાએ રૂબરૂ સંપર્ક કરવો.

AIMS HOSPITAL-AMRELI - એઈમ્સ હોસ્પિટલ અમરેલી
Care is our culture
કાર્ડિયાક વિભાગ
• 24 x 7 ફૂલટાઈમ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ઉપલબ્ધ
• હૃદયનો 2D / 3D ઈકો વીથ કલર ડોપ્લરની સુવિધા
• ડોબ્યુટેમાઈન સ્ટ્રેશ ઈકોની સુવિધા
• ટી.એમ.ટી. તથા ૨૪ કલાક એમ્બ્યુલેટરી બી.પી. મોનીટરીંગની સુવિધા
• HOLTER (હોલ્ટર)ની સુવિધા ઉપલબ્ધ
• હૃદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટી (સ્પ્રિંગ / સ્ટેન્ટ મુકવું)
• પેસમેકર (હૃદયને ધબકતું રાખવાનું યંત્ર)ની સુવિધા ઉપલબ્ધ (ટેમ્પરરી તથા પરમેનન્ટ)
• હાર્ટ ફેલ્યોર, પલ્મોનરી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર
આયુષ્યમાન ભારત કે મા કાર્ડ ધારક લાભાર્થીને તદ્દન ફ્રી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટીની સુવિધા ઉપલબ્ધ
ડૉ. અમિત શર્મા
MBBS, DNB (Int Medicine), CCEBDM,
DNB (Cardiology)Interventional Cardiologist
સિનીયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ
૧૪ વર્ષનો બહોળો અનુભવ
02792222060
7610810827
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી

Sheetal
ક્રીમી અને સ્વાદિષ્ટ શીતલ શ્રીખંડ
હવે, 6 KG માં પણ ઉપલબ્ધ
આપના 25 થી 30 લોકો ના શુભ પ્રસંગ માટે ઉત્તમ પસંદગી...
ઈલાયચી • મિક્સ ફ્રૂટ • રાજભોગ • મેંગો ફ્લેવરમાં ઉપલબ્ધ...

એક એવી શાળા કે જયાં તમને ભણવાનું ગૌરવ થાય...
નિત્યમ વિદ્યા સંકુલ
Website : nityamvidyasankul.org, E-mail : nityamvidyasankul@gmail.com
હસમુખ પટેલ
ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી / અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આટ્ર્સ
ગર્લ્સ - બોયઝ હોસ્ટેલ
હાફ ડે સ્કૂલ | ફૂલ ડે સ્કૂલ
મિક્સ મિડિયમ સ્કૂલ | જવાહર નવોદય પરીક્ષા સેન્ટર
વૈદિક પાઠશાળા | સ્પોર્ટ્સ સ્કૂલ
સ્કીલ સ્કુલ | ફિઝિકલ ટ્રેનીંગ એકેડેમી
સાયન્સ, કોમર્સ, આટર્સ અને બીસીએ. કોલેજ સુચિત
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી. મો. ૯૯૨૫૪ ૫૧૧૫૧

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડકટ બનાવીએ છીએ....
100 - 150
200 - 300
લીટર માં ઉપ્લબ્ધ
૧૦૦% ફુડ ગ્રેડ મટીરીયલ્સ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપ્લબ્ધ
9 YEAR WARRANTY
૧૪ વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો.૯૯૦૯૬૦૯૬૯૬

# દામનગર શહેરમાં ડીવાઈડરના અભાવે વાહનચાલકોમાં અકસ્માતનો ભય



અમરેલી,તા.૨


દામનગર શહેરમાં તંત્રની બેદરકારીને કારણે વાહનચાલકોમાં અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. દામનગરના જાહેર માર્ગોની વચ્ચોવચ્ચ ડીવાઈડર વગર જ વીજપોલ નાખી દેવામાં આવ્યા છે. આથી વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જેથી તંત્રને વહેલી તકે આ પ્રશ્નનું નિકારણ લાવવા વિનંતી કરાઈ છે.

## માત્ર થોડી ઉંડાઈએ જ ગેસની લાઈન નાખવામાં આવી હોવાનો વિસ્તારવાસીઓનો આક્ષેપ

# લીલીયામાં ગેસ લાઈન લીકેજ થતા આગ ફાટી નીકળી

અમરેલી,તા.૨

અમરેલી જિલ્લાના મોટા ભાગના શહેરોમાં ગેસની પાઈપલાઈન મારફતે ગેસ પહોંચાડવામાં આવી રહ્યો છે. જો કે કંપનીની બેદરકારીને કારણે ઘણીવાર ગેસ લીકેજની સમસ્યા સર્જાતી હોય છે જેમાં લીલીયામાં અમરેલી રોડ પર આવેલા ગાયત્રી મંદિર સામેના વિસ્તારમાં ગેસની પાઈપલાઈનમાં આગની ઘટના બની હતી. અહીં ગુજરાત ગેસ કંપની દ્વારા પીએનજી ગેસની પાઈપલાઈન શહેરભરમાં બિછાવવામાં આવી છે. લોકોને ઘરે ઘરે પાઈપલાઈનથી ગેસ પહોંચાડવા આ લાઈન નાખવામાં આવી છે. જેમાં કોઈ કારણે સવારના સમયે ભંગાણ પડયું હતું અને ત્યારબાદ તેમાં આગ ભભૂકી ઉઠી હતી.



આગને પગલે અહીં દોડધામ મચી ગઈ હતી. સ્થાનિક સત્તાધીશોને જાણ કરવામાં આવતા તાલુકાના તમામ ઉચ્ચ અધિકારીઓ અહીં દોડી આવ્યા હતા. પીજીવીસીએલના કર્મચારીઓ અને ગુજરાત ગેસના કર્મચારીઓ પણ અહીં દોડી આવ્યા હતા. ગ્રામ પંચાયતના જેટીંગ મશીન દ્વારા લીકેજના સ્થળે પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો અને એકાદ કલાકની જહેમતના અંતે આખરે આગ પર કાબુ મેળવાયો હતો. ગેસ લીકેજના સમાચાર મળતા લીલીયાને અમરેલી તરફથી મળતો ગેસ બંધ કરી દેવામાં આવ્યો હતો અને દામનગરથી ગેસલાઈન શરૂ કરવામાં આવી હતી. આ અંગે વિસ્તારવાસીઓએ જણાવ્યુ હતું કે માત્ર થોડી ઉંડાઈએ જ ગેસની લાઈન બિછાવવામાં આવી છે. થોડી માટી ઉપાડતા જ ગેસની લાઈન દેખાઈ જાય છે. આ બાબતે ભૂતકાળમાં રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવી નહોતી.

# ધારી આમ આદમી પાર્ટીના નેતા નીલેશ તેરૈયા ભાજપમાં જોડાયા

## ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીની હાજરીમાં ભાજપનો ખેસ ધારણ કર્યો

ધારી,તા.૨

ધારી તાલુકાના વીરપુર ગામના આમ આદમી પાર્ટીનાં કાર્યકર સાથે ધારી તાલુકા પંચાયતના સદસ્ય અને અનેક સહકારી સંસ્થાઓમાં હોદ્દા ઉપર જોડાયેલા એવા નીલેશભાઈ (રાજુભાઈ) તેરૈયા રાજીખુશીથી ભાજપમાં જોડાયા છે.



આ તકે ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, જે.વી.કાકડિયા, મહેશભાઈ કસવાલા, પૂર્વ ધારાસભ્ય નલીનભાઈ કોટડીયા, મનસુખભાઈ ભુવા, જિલ્લા પંચાયતના સદસ્ય ભુપતભાઈ વાળા, તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ જોષી, તાલુકા પંચાયત પ્રમુખ ઘનશ્યામભાઈ હીરપરા તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતના સદસ્યો તેમજ સરપંચો અને બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓની હાજરીમાં વિધિવત કેસરિયો ખેસ પહેરાવી ભારતીય જનતા પાર્ટીમાં સ્વાગત કરવામાં આવ્યું હતું.

# ભારતીય શ્રમયોગી સંઘ અમરેલી દ્વારા લીલીયાના ગોઢાવદરમાં શ્રમિક સંવાદ કાર્યક્રમ યોજાયો

## ભાજપના લોકસભાના ઉમેદવાર ભરત સુતરીયા હાજર રહ્યા

લીલીયા,તા.૨

લીલીયાના ગોઢાવદરમાં શ્રમિક સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૭ ગામના વિશ્વકર્મા અને શ્રમયોગી કારીગરો ઉપસ્થિત રહ્યા હતા. સંઘ વિશે પ્રવચન અને માહિતી સંઘનાં અધ્યક્ષ જગદીશભાઈ વ્યાસ અમરેલી દ્વારા આપવામાં આવી હતી. આ તકે ભાજપનાં લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, હિંમતભાઈ ગજેરા, વિપુલભાઈ દુધાત, ભીખાલાલ ધોરાજીયા, આનંદભાઈ ધાનાણી, વિજયભાઈ ગજેરા, ધનસુખભાઈ નારોલા, નરેન્દ્રભાઈ હેલૈયા, સુરેશભાઈ ગજેરા, હરજીભાઈ રાઠોડ, બાબુભાઈ ધામત, કરમશીભાઈ ભુવા, ગોકળબાપા અને ગામલોકો ઉપસ્થિત રહ્યાં હતાં.



તસ્વીર : ભરતભાઈ વિંઝુડા

# જાબાળ આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે મતદાન જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

જાબાળ,તા.૨

જાબાળ ગામમાં આરોગ્યના કર્મચારીઓ MPHW ચંદ્રકાંતભાઈ બગડા, FHW વસંતબેન ગીડા તેમજ આશાવર્કર બહેન સોનલબેન અને સંધ્યાબેન દ્વારા ગામના લોકોમાં મતદાન કરવાની જાગૃતતા લાવવા માટે મતદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન કાર્યક્રમમાં ગામની કિશોરીઓ, બહેનોએ હાથમાં વિવિધ પ્રકારની મહેંદીઓ મુકાવી હતી.



તસ્વીર : સૌરભ દોશી

# રાજુલા તાલુકાનાં ભેરાઈ ગામે દિવ્ય ભાગવત કથા યોજાઈ

રાજુલા,તા.૨

રાજુલાનાં ભેરાઈ ગામે સ્વ. નાકરાભાઈ ગભાભાઈ રામ પરિવાર દ્વારા પિતૃ મોક્ષાર્થે દિવ્ય ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાસપીઠ પરથી મહેશ દાદા જોશી (ભિંગરાડ વાળા) દ્વારા સુમધુર વાણીમાં કથા રસપાન કરાવવામાં આવ્યું હતું. આ દરમિયાન શિવ વિવાહ, શ્રીરામ જન્મ, શ્રી કૃષ્ણ જન્મોત્સવ, રૂક્ષ્મણી વિવાહ જેવા પ્રસંગોની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સાધુ સંતો સહિત અનેક રાજનેતાઓએ પણ કથા શ્રવણનો લાભ લીધો હતો.



## લોકસભાની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી છે ત્યારે

# અમરેલી જિલ્લામાં મતદાન મથકથી ૧૦૦ મીટર દૂર પટ્ટા મારવામાં આવ્યા

અમરેલી,તા.૨

અમરેલી સહિત સમગ્ર ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે ત્યારે અમરેલી જિલ્લાનું વહીવટી તંત્ર જિલ્લામાં શાંતિપૂર્ણ મતદાન થાય તે માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી રહ્યું છે. જિલ્લામાં તમામ સંસ્થાઓ સાથે બેઠક કરી વધુમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. જો કે ચૂંટણીને માત્ર પાંચ દિવસ બાકી હોય ત્યારે અમરેલીમાં લોકસભા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મતદાન કેન્દ્ર નજીક ચાર કે તેથી વધુ લોકો એકત્રિત થઈ શકશે નહી. ત્યારે ચૂંટણી તંત્ર દ્વારા મતદાન મથક પર ૧૦૦ મીટરની ત્રિજ્યામાં સફેદ પટ્ટા લગાડવામાં આવ્યા હતા. લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસ રહ્યા છે. ચૂંટણી જાહેર થતાની સાથે જ વહીવટી તંત્રએ તૈયારીઓ શરૂ કરી દીધી હતી. અમરેલી લોકસભા સીટ પર ૭ મેના રોજ મતદાન યોજાશે. લોકસભાની ચૂંટણીને હવે પાંચ દિવસ બાકી રહ્યા છે ત્યારે ચૂંટણી તંત્રએ પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે. મતદાન મથકની ૧૦૦ મીટર ત્રિજ્યામાં ચાર કે તેથી વધુ લોકોનું ટોળું એકત્રિત થઈ શકશે નહી. ત્યારે અમરેલીમાં મતદાન કેન્દ્રની ૧૦૦ મીટર ત્રિજ્યામાં સફેદ પટ્ટા લગાવવામાં આવ્યા હતા. ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ૪ કે તેથી વધુ લોકો એકત્રિત થઈ શકશે નહી.



# અમરેલીના રાંઢીયા ગામે સ્વામિનારાયણ મંદિર ખાતે મૂર્તિ પ્રતિષ્ઠા કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨

અમરેલી તાલુકાનાં રાંઢીયા ગામે ચૈત્ર વદ આઠમને બુધવારના દિવસે સ્વામિનારાયણ મંદિરે ખાતે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે જ શ્રીમદ સત્સંગીજીવન કથા પારાયણનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જુનાગઢવાસી શ્રી રાધા રમણ દેવના તાબાનું નૂતન હરિ મંદિરની દિવ્ય મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ દરમિયાન રાંઢિયા ગામમાંથી હરીભક્તો દ્વારા સ્વામિનારાયણ ભગવાનને ૫૬ ભોગ ધરવામાં આવ્યો હતો.



# લાઠીમાં દુકાન આગળ ગાળો બોલવાની ના પાડતાં હુમલો કર્યો

લાઠી, તા.૨

લાઠીમાં રહેતા અલ્તાફભાઈ સતારભાઈ સખીરાણા (ઉ.વ.૫૦)એ અકાળા ગામે રહેતા ઈરફાનભાઈ કાસમભાઈ જુનાણી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, લાઠી ટાઉનમાં મહાવીરનગર ખાતે આવેલ અહેમદભાઈની દુકાને ઉભા હતા તે દરમિયાન આરોપી દુકાન પાસેની શેરીમાં ઉભા હતા અને જેમફાવે તેમ ગાળો બોલતા હતા. જેથી તેને સમજાવવા જતા આરોપીને સારું નહોતું લાગ્યું અને તેનો કાઠલો પકડી તેમના હાથમાં રહેલ લોખંડના પાઈપ વડે કપાળના ભાગે લોખંડના પાઈપનો એક ઘા માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લાઠી પોલીસ સ્ટેશનના એએસાઈ ડી.વી.સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
હાઈડ્રોલીક લીફ્ટ નંગ - ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

## કેન્દ્ર સરકારની યોજના ઘર-ઘર સુધી પહોંચાડવા ધારાસભ્યનો અનુરોધ

# ધારાસભ્યની અધ્યક્ષતામાં સાવરકુંડલા ખાતે મહિલા મોરચાની બેઠક મળી

### મહિલા મોરચાની બેઠકમાં ભાજપના હોદ્દેદારો હાજર રહ્યાં



અમરેલી,તા.૨

અમરેલી જિલ્લામાં લોકસભાની ચૂંટણીમાં ભાજપ તરફી મતદાન થાય તે માટે જિલ્લાના ધારાસભ્યો ગ્રામ્ય વિસ્તારોનો પ્રવાસ ખેડી રહ્યાં છે. ધારાસભ્યોએ ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામજનોને ભરતભાઈ સુતરીયાને જંગી લીડથી વિજયી બનાવવા માટે આહ્‌વાન કર્યુ છે. આ ચૂંટણીમાં મહિલાઓ પણ મહત્વનો ભાગ ભજવે તે માટે મહિલાઓને પણ જવાબદારી સોંપવામાં આવી છે. અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાના સમર્થનમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની અધ્યક્ષતામાં સાવરકુંડલા મહિલા મોરચાની બેઠક મળી હતી. કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકારની મહિલા સશક્તિકરણની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી આયોજન ઘર-ઘર સુધી પહોંચે અને મહિલાઓને લાભ મળે તેવું આયોજન કરવા મહિલા મોરચાને અનુરોધ કર્યો હતો. આ તકે શહેર ભાજપ પ્રમુખ પ્રવિણભાઈ સાવજ, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, મહિલા મોરચા પ્રમુખ નયનાબેન કાપડિયા, સંગઠન મહિલા મોરચાના હોદ્દેદારો, નગરપાલિકાના મહિલા હોદ્દેદારો, સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી ચેમ્બર ઓફ કોમર્સનો વિવાદ વકર્યો : જૂની ચેમ્બરના હોદ્દેદારો સામે કોર્ટમાં ફરિયાદ

અમરેલી,તા.૨

અમરેલી ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદીએ અમરેલીના ચીફ જયુડી. મેજી. કોર્ટ સમક્ષ ચતુરભાઈ અકબરી, ગીરીશભાઈ ભટ્ટ, હરેશભાઈ સાદરાણી, યોગેશભાઈ ગણાત્રા તથા યોગેશભાઈ કોટેચા વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૯, ૫૦૦ વિગેરે મુજબ ફોજદારી ફરિયાદ દાખલ કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે. કોર્ટમાં કરેલ ફરિયાદમાં જણાવાયુ છે કે ચતુરભાઈ અકબરી કે જેઓ પોતે પ્રમુખ તરીકે છેલ્લા થોડા દિવસોથી વોટસએપના માધ્યમથી જુદાજુદા ગૃપમાં મેસેજો વાયરલ કરેલ છે. અને વાયરલ કરેલ મેસેજોમાં આ કામના ફરિયાદી ભગીરથભાઈ ત્રિવેદીની મદદનીશ ચેરીટી કમિશ્નરે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ તરીકે હાલકપટ્ટી કરેલ છે તેવુ જણાવેલ છે. તેમજ તે સમાચાર તથા મેસેજમાં ભગીરથ ત્રિવેદી ચેમ્બરના ધરાર પ્રમુખ બની બેઠેલા હોવાનું જણાવેલ છે. તેમજ દૈનિકપત્રોમાં જુદી જુદી રીતે સમાચારો છપાવીને તેમની પ્રતિષ્ઠા ખરડાય તેવો પ્રયત્ન ચતુરભાઈ અકબરી, ગીરીશભાઈ ભટ્ટ, હરેશભાઈ સાદરાણી, યોગેશભાઈ ગણાત્રા તથા યોગેશભાઈ કોટેચાએ કરેલ છે. તેમજ જુદા જુદા ગૃપમાં આ અંગેના મેસેજ ચતુરભાઈએ ફોરવર્ડ કરીને તેમને બદનામ કરેલ છે. અને જેનાથી તેમની પ્રતિષ્ઠા ખરડાયેલ છે. વધુમાં ફરિયાદી ભગીરથ ત્રિવેદીએ કોર્ટમાં ફરિયાદ કરેલ છે કે, આ કામના આરોપીઓએ સોશ્યલ મીડિયાના ગૃપોમાં વોટસએપના માધ્યમથી જુદા જુદા દિવસે અને સમયે પોતે લખેલા મેસેજ વાયરલ કરેલા તેના સ્ક્રીનશોટ તથા સ્ક્રીશોટના વીડિયો શુટીંગ પણ આ ફરિયાદ સાથે રજૂ કરવામાં આવ્યા છે. ભગીરથભાઈ ત્રિવેદીએ ફરિયાદમાં જણાવેલ છે કે, ફરિયાદ દાખલ કરતી વખતે મદદનીશ ચેરીટી કમિશનરને ટ્રસ્ટના રજીસ્ટ્રેશન અંગેની અરજી રદ કરતો હુકમ રજૂ કરેલ છે અને જે અંગેની સાચી હકીકતો રેકર્ડ પર નામદાર કોર્ટ સમક્ષ મુકેલ હતી. અને હુકમની વિગતો તથા તેઓ તરફથી જે દસ્તાવેજ રજૂ થયેલ તે વિગતે ચેરીટી કમિશનર તરફથી ભગીરથ ત્રિવેદીની પ્રમુખ તરીકે કોઈ હકાલપટ્ટી કરવામાં આવેલ નથી. કે ચતુરભાઈ અકબરીવાળી ચેમ્બર ઓફ કોમર્સને મદદનીશ ચેરીટી કમિશનરે માન્યતા આપેલ હોય તેવુ બનેલ નથી તેવા આધારો રજૂ કરેલા હોવા છતાં ચતુરભાઈ અકબરી અને તેની ટીમના સભ્યો તરફથી મદદનીશ ચેરીટી કમિશનરના હુકમથી વિરૂધ્ધની આવી વિકૃત રજૂઆતો, મેસેજો તથા અખબારી યાદીમાં જણાવવાથી ભગીરથ ત્રિવેદીની બદનક્ષી થયેલ છે. જેથી ભગીરથ ત્રિવેદીએ ઉપરોકત તમામ લોકો વિરૂધ્ધ નામદાર કોર્ટમાં ફરિયાદ કરેલ છે.

## કોંગ્રેસની પત્રિકા વેચતા ભાજપના લોકોએ વિરોધ નોંધાવ્યો

# અમરેલીના જેસીંગપરામાં ભાજપ-કોંગ્રેસના જૂથ વચ્ચે બોલાચાલીની ઘટના



અમરેલી,તા.૨

અમરેલી જિલ્લામાં આગામી તા.૭ના રોજ લોકસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ ચૂંટણી પ્રચાર જોર-શોરથી કરી રહ્યાં છે. આવનારા ૬ દિવસોમાં પ્રચાર પડઘમ શાંત થવાના છે ત્યારે ચૂંટણીના ગણતરીના દિવસો દરમિયાન બંને પક્ષો માઈક અને પત્રિકા દ્વારા ચૂંટણીનો પ્રચાર કરી રહ્યાં છે. જો કે પત્રિકા દ્વારા ચૂંટણીનો પ્રચાર કરવામાં આવતા આ પત્રિકા બાબતે જેસીંગપરામાં બઘડાટી બોલી ગઈ હોવાની ઘટના સામે આવી છે. જેમાં જેસીંગપરામાં કોંગ્રેસના ટેકેદારે કોંગ્રેસ તરફી પત્રિકા છપાવી કોંગ્રેસને મત આપવા અંગે જણાવતા જ આ બાબતની જાણ ભાજપના ટેકેદારોને થતા તેઓએ કોંગ્રેસી ટેકેદારને જણાવેલ કે આ વિસ્તાર ભાજપનો છે અને અહીં કોંગ્રેસનો પ્રચાર કરવો નહી તેમ કહી પત્રિકાઓ આંચકી લીધી હતી. આ બાબતે કોંગ્રેસી ટેકેદારોને જાણ થતા તેઓ પણ જેસીંગપરા ખાતે ધસી આવ્યા હતા અને બંને પક્ષના ટેકેદારો વચ્ચે બોલાચાલી થઈ હોવાની ઘટના બનતા ચકચાર મચી જવા પામી છે.

### વિરજી ઠુંમરે જેસીંગપરામાં ગ્રાન્ટ જ આપી નથી : સંદિપ માંગરોળીયા

કોંગ્રેસ તરફથી પત્રિકા વેચવામાં આવતા જેનો વિરોધ થયા બાદ પાલિકા સદસ્ય સંદિપ માંગરોળીયાએ જણાવ્યું હતું કે, તત્કાલીન સાંસદ વીરજીભાઈ ઠુંમરે આ વિસ્તારમાં ક્યારેય વિકાસ કર્યો જ નથી. જો કોંગ્રેસે જેસીંગપરાનો વિકાસ કર્યો હોય તો તેની પત્રિકા આ વિસ્તારમાં વહેચે પછી કોંગ્રેસ પ્રચારની પત્રિકા વહેચે. પૂર્વ સાંસદે આ વિસ્તારમાં એકપણ રૂપિયાની ગ્રાન્ટ આપી નથી. તેમજ જેસીંગપરાના ખેડૂતો માટે પણ કાંઈ કરવામાં આવ્યું નથી.

### લોકશાહીમાં ગમે તે વિસ્તારમાં પ્રચાર કરી શકાય : અર્જુન સોસા

જેસીંગપરા વિસ્તારમાં પત્રિકા બાબતે થયેલ બોલાચાલી બાબતે અમરેલી જિલ્લાના પૂર્વ કોંગ્રેસ પ્રમુખ અર્જુનભાઈ સોસાએ જણાવ્યું હતું કે, લોકશાહીમાં ગમે તે વિસ્તારમાં ચૂંટણી પ્રચાર કરી શકાય છે. ભાજપના લોકો પત્રિકા વિતરણ અટકાવે તે વ્યાજબી નથી.


# ચલાલાની હરિબા મહિલા કોલેજ B.COM સેમેસ્ટર-૧નું ૧૦૦% પરિણામ




ચલાલા,તા.૦૨

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા સંચાલિત હરિબા મહિલા કોલેજનું B.com સેમેસ્ટર ૧ માં ૧૦૦% પરિણામ આવ્યું છે. જેમાં પ્રથમ ઠુમ્મર કેશવા, દ્વિતીય ગોંડલિયા ખુશી, તૃતીય ઠેસિયા જેન્સી તેમજ બધી વિદ્યાર્થિનીઓએ ડિસ્ટિન્ક્શન અને ફર્સ્ટ ક્લાસ પરિણામ મેળવીને ગાયત્રી પરિવાર તેમજ સમગ્ર વિસ્તારનું ગૌરવ વધાર્યું છે. આ વિદ્યાર્થિનીઓને રતિદાદા, ડાયરેક્ટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા અને આચાર્ય શીતલબેન મહેતા તેમજ સમગ્ર સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા. તેમજ વર્ષ ૨૦૨૪ માં દીકરીઓ માટે **B.A., B.COM, B.C.A.** અને **B.P.E.S.** માં એડમીશન માટે મો. ૯૪૨૭૭ ૪૩૮૧૭, ૯૪૨૯૮ ૩૮૦૧૭, ૯૫૮૬૯ ૦૫૬૧૩ નો સંપર્ક કરવા જણાવાયુ છે.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી




## :: જાહેર નોટીસ ::



આથી અમો **વકીલશ્રી કલાબેન એમ. ત્રિવેદી એડવોકેટ એન્ડ નોટરી** રહે. સાવરકુંડલા, ઠે. મહુવા રોડ, મામલતદાર ઓફિસની સામે, સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જી.અમરેલી તે અમારા અસીલ ભુત રવજીભાઈ ગોકળભાઈ રહે. જુની સહકારી મંડળી પાસે, જીરા, તા. સાવરકુંડલા, જી.અમરેલીની સુચનાથી આ જાહેર નોટીસથી જાહેર જનતા તથા લાગતા વળગતાઓને જાણ કરીએ છીએ કે,

અમો ઉપર જણાવેલ તથા નીચે સહી કરનાર મુળ ઉપરના સરનામે અમારા કુટુંબ સાથે રહીએ છીએ. અમારા કુટુંબના સભ્ય પૈકી મારો પુત્ર નામે ભુત કેતન રવજીભાઈ ઉ.વ. ૩૦ જે લાંબા સમયથી પોતાની રીતે મનમાની કરી રહેલ છે.જેથી ગમે તેની સાથે ગમે તેવું વર્તન કરી રહેલ છે અને અમારા ઘરમાં તેનો કોઈ કંટ્રોલ નથી અને અમારા કોઈના કંટ્રોલમાં નથી જેથી તે કોઈ ગેરકાનુની કાર્ય કરે તો તેમાં અમારી કોઈ જવાબદારી રહેશે નહી તેમજ અમારી કેટલીક મિલ્કતો ઉપર બળજબરીથી કબજો કરવા કોશીષ કરતો હોય તેવી મિલ્કત કોઈએ તેની પાસેથી ખરીદ કરવી નહી તેમજ તેની સાથે કોઈએ અમારા નામથી કોઈ આર્થિક વહીવટ વ્યવહાર કરવો નહી અને જો કરેલ હશે તેમાં અમો કોઈપણ રીતે જવાબદાર રહેતા ન હોય તેમજ સ્થાવર મિલ્કત કે જંગમ મિલ્કત પરત્વે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહી. તેમજ વેચાણ ધિરાણ કે રોકડ નાણાનો વહીવટ કે વ્યવહાર કરવો નહી તેમ છતાં કોઈપણ વ્યકિત કે અન્ય કોઈપણ સંસ્થા, સરકારી કે અર્ધસરકારી બેંક કે કોઈપણ ઓથોરીટી તેમના સાથે કોઈ નાણાકીય વ્યવહાર કરવો નહી તેમ છતાં સમાજની કોઈપણ વ્યકિત આવા પ્રકારનો વ્યવહાર કે વહીવટ કે અમારી મિલ્કત પરત્વે કોઈ નાણાકીય વહીવટ અમારા પુત્ર નામે ભુત કેતન રવજીભાઈ સાથે કરશો તો તેની સંપૂર્ણ જવાબદારી તેઓ એટલે કે વ્યવહાર-વહીવટ કરનાર પક્ષકારોની રહેશે અને તેમાં અમો જાહેર નોટીસ આપનારની કોઈપણ જવાબદારી રહેશે નહી કે અમારા કોઈ હકક હિતને બંધનકર્તા રહેશે નહી. જેથી તમામ જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ નોંધ લેવી.

**સ્થળઃ-મુ. સાવરકુંડલા**
**તારીખઃ-03/૦૫/૨૦૨૪**

**અસીલની સુચના મુજબ**
**સહી**
**અસીલની સહી**

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

એડમિશન ચાલુ છે
ધો. ૧૦ અને ૧૨ પછી સરકારી નોકરી અપાવતા કોર્ષ
SI
ફાયર સેફ્ટી
ANM
GNM
BSC
PBSC
D.PHARM
SC ST વિદ્યાર્થીને સ્કોલરશીપ
ધો. ૧૦, ૧૨ નાપાસ વિદ્યાર્થી NIOS બોર્ડ માં પરીક્ષા આપી ઉજ્વળ ભવિષ્ય બનાવો
વધુ માહિતી માટે
અમરેલી, ભાવનગર, ગાંધીનગર, જૂનાગઢ, અમદાવાદ
LAKSHYA
લક્ષ્ય એજ્યુકેશન અમરેલી
7043819956
lakshyaeducationamreli@Gmail.com
https://lakshyaeducation.org.in/




AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS
Visit us at: voltasbeko.com | Follow us at | @VoltasBeko | Voltas Beko | Voltas Beko | VoltasBeko 24 X 7 Customer Care No: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wecare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy online at: www.voltas.com
Visit us at www.myvoltas.com To locate your nearest store, log on to: www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 4555, 9650694555 For product registration, SMS <WTA> to 9289525321 Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas | My Voltas | My Voltas | Voltas Limited | My Voltas
વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

## અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત અને વીરજીભાઈ ઠુમ્મર જોડાયા

# જેનીબેન ઠુમ્મરના સમર્થનમાં રાજુલા-જાફરાબાદ-ટીબીમાં જાહેરસભાઓ યોજાઈ





અમરેલી,તા.૨

ઈન્ડીયા ગઠબંધન તરફથી કોંગ્રેસના મહિલા અને શિક્ષીત ઉમેદવાર જેનીબેન ઠુમ્મરે આજે રાજુલા-જાફરાબાદ અને ટીંબી શહેરમાં લોકોને મળી અને આશીર્વાદ લીધા હતા અને વેપારીઓને મળી તેમને પડતી વેપાર ધંધાની તકલીફો વિશે માહિતી મેળવી હતી. આ તકે તેમણે નાના અને મધ્યમ વેપારીઓની મુખ્ય સમસ્યા જીએસટીની જટીલ પ્રક્રિયા જાણી હતી ત્યારે જેનીબેન ઠુમ્મરે જણાવ્યુ હતું કે સરકારે જીએસટીની પ્રક્રિયા જેટલી સરળ બને તેટલી બનાવવી જોઈએ. રાજુલા-જાફરાબાદ અને ટીંબી વિસ્તારના યુવાનોને સ્થાનિક કંપનીઓમાં ૭૦ % જેટલી નોકરીઓ રીઝર્વ રાખવામાં આવે તેવી માંગણી અને અપીલ કંપનીઓને કરી હતી. સાથે જણાવ્યુ કે અમરેલી જિલ્લાના દરેક તાલુકા મથકે મજૂરો અને કડીયા કામ કરનાર તેમજ વિવિધ કારીગરો સાથે બેસી અને કામ કરી શકે તે માટે વિશ્વકર્મા ભવન બનાવવાનો મારો પ્રયત્ન રહેશે. આ વિસ્તારમાં નિર્માણ પામી રહેલ કોપર કંપનીનો ખેડૂતો અને સમાજના આગેવાનો વિરોધ કરી રહ્યા છે તેને મારી સંપૂર્ણ ટેકો છે તેમ જેનીબેન ઠુમ્મરે અંતમાં જણાવ્યુ હતું. ત્યારબાદ રાજુલા-જાફરાબાદ અને ટીંબી શહેરમાં જંગી જાહેર સભા યોજવામાં આવી હતી. જેમાં ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનીક ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું કે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર આવશે તો યુવાનો માટે કેન્દ્ર સરકારના સરકારી વિભાગોમાં ૩૦ લાખ નોકરીઓની જગ્યા ખાલી છે, તે સરકાર આવતા તુરંત ભરવામાં આવશે. ગરીબ પરિવારની મુખ્ય બહેનને વાર્ષિક રૂ.૧ લાખ અને સરકારી નોકરીમાં ૫૦% આરક્ષણ, મનરેગા અંતર્ગત થતા રાહત કામોમાં રૂા.૪૦૦ સુધી રોજી કરવામાં આવશે, જોમેટો, સ્વીગી, કુરીયર જેવી કંપનીમાં કામ કરવાવાળા લોકોને સમાજિક સુરક્ષા આપવામાં આવશે. અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવેલ ચૂંટણી ગેરંટીને વાંચી સંભળાવી હતી. પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુમ્મરે જણાવ્યુ કે વેકસીન બનાવતી કંપનીઓએ સ્વીકાર્યુ છે કે રસીના કારણે બ્રેન સ્ટ્રોક અને કાર્ડીયો એટેકની સંભાવના છે ત્યારે આ માટે તાત્કાલીક તપાસ થવી જોઈએ જેથી દેશના ૭૦ ટકા વેકસીન લીધેલા લોકોને કઈ પ્રકારની તકલીફ પડી છે તેની મેડિકલ તપાસ થાય. બાંધકામ સમિતિના પૂર્વ ચેરમેન ટીકુભાઈ વરૂએ જણાવ્યુ હતું કે આજનો યુવાનને અને ખાસ કરીને રાજુલા-જાફરાબાદ વિસ્તારમાં મોટી-મોટી કંપનીઓ છે છતાં સ્થાનિક યુવાનોને રોજગારી મળતી નથી. મઆ વિસ્તારના ખેડૂતો ખુબ મહેનતુ છે પરંતુ કપાસ અને અન્ય ખેત પેદાશોના ભાવ ન મળતા નિરાશ છે ત્યારે માનનીય રાહુલ ગાંધીએ એમ.એસ.પી. મુજબ ખેડૂતોને ભાવ આપવાની વાત કરી છે હું તેને આવકારુ છું. આ તકે જેનીબેન સાથે પ્રવાસમાં અને બાદમાં વિશાળ સંખ્યામાં લોકો જોડાયા હતા.

જેમાં જિલ્લા કોંગ્રેસ સમિતિ ઉપ.પ્રમુખ ટીકુભાઈ વરૂ, શહેર કોંગ્રેસ પ્રમુખ રવિભાઈ ધાખડા, તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ ગાંગાભાઈ હડીયા, જિલ્લા પંચાયત વિપક્ષ નેતા જે.ડી. કાછડ, ભરતભાઈ વાણીયા, હિતેશભાઈ સોલંકી, આમ આદમી પાર્ટીના ભરતભાઈ બલદાણીયા, નાયાભાઈ ગુર્જર, ભગવાનભાઈ વાઘ, અબ્દુલભાઈ સેલોત, દિપકભાઈ ત્રિવેદી, રસુલભાઈ કુરેશી, પૂર્વ નગરપાલિકા પ્રમુખ બાલાભાઈ વાણીયા, કરણભાઈ કોટડીયા, દલપતભાઈ સરપંચ વડલી, લાલજીભાઈ પરમાર, રાહુલભાઈ ધાખડા, દાદભાઈ બારોટ, જાફરાબાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ હરેશભાઈ બાંભણીયા, તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ નાથાભાઈ પરમાર, રમેશભાઈ બાંભણીયા, યુવા કોંગ્રેસના પ્રમુખ યુવરાજભાઈ વરૂ, આરીફભાઈ સરવૈયા, આમ આદમી પાર્ટીના પરશોતમભાઈ બારૈયા,મનોજભાઈ પરમાર, અમરાભાઈ, રવિભાઈ જોરુભાઈ, ભગવાનભાઈ વાઘ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

---

## કાર ભાડે લઈ બારોબાર વેચી મારવાના કૌભાંડનો અમરેલીમાં પ્રવેશ

# મેટ્રો ટ્રેનના પ્રોજેક્ટમાં ગાડી મુકવાનું કહી વિઠ્ઠલપુર ખંભાળીયાના યુવક સાથે છેતપિંડી

### ઉંચુ ભાડું મેળવવાની લાલચ ભારે પડી

અમરેલી, તા.૨

અમરેલીના વિઠ્ઠલપુર ખંભાળીયા ગામે રહેતા એક યુવક સાથે સુરત મેટ્રો ટ્રેનમાં ગાડી ભાડે આપવાનું કહીને છેતરપિંડી આચરવામાં આવી હતી. યુવકની જાણ બહાર તેની બ્રેઝા કાર વેચી દીધી હતી. બનાવ અંગે લાલજીભાઈ ઉર્ફે લાલુ રમેશભાઈ મકવાણા (ઉ.વ.૩૦)એ તેમના જ ગામના જનકભાઈ કિશોરભાઈ ભાસ્કર, મયુર ઉર્ફે સન્ની વસંતભાઈ, અલ્પેશભાઈ ચંદ્રકાતભાઈ જરીવાલા સહિત ૨૩ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીઓએ સાથે મળી ફરિયાદીને વિશ્વાસમાં લઈ, તમામે પોતાનો આર્થિક ફાયદો મેળવવાના સમાન ઈરાદે અને પૂર્વ આયોજીત ગુન્હાહિત કાવતરૂ ઘડીને, ફરિયાદી પાસે નવી મારુતી સુઝુકી બ્રેઝા ઓટોમેટીક સનરૂફ વાળી કાર ખરીદાવી હતી. તેમને ઉંચુ ભાડુ મેળવવાના સપનાઓ બતાવી, સુરત મેટ્રોના કામમાં ગાડી ભાડે મુકવાનું કહી તેની ગાડી લઈ જાણ બહાર દિલ્હી બાજુ કોઈને વેચી દીધી હતી. તેમજ તમામ આરોપીઓએ સુરત, ભાવનગર સહિત ગુજરાત રાજ્યના અન્ય જિલ્લાઓમાં ૧૦૦ થી વધુ લોકોની ગાડીઓ ભાડે મુકાવવા સારૂ મેળવી લઈ વેચી દીધી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પી. આઈ. આર.જી.ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

---

# વડિયા ખાતે શ્રીમહાપ્રભુજીનો ૫૪૭મો પ્રાગટ્ય ઉત્સવ ધામધૂમથી ઉજવાશે

### પ્રાગટ્ય મહોત્સવમાં વૈષ્ણવોને દર્શનાર્થે આવવા આમંત્રણ પાઠવાયું

વડિયા, તા.૨

વડિયામાં અખંડ ભૂમંડલાચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો ૫૪૭મો પ્રાગટ્ય ઉત્સવની, ચૈત્ર વદ અગિયારસ, શનિવાર તા.૪/૫/૨૦૨૪ના રોજ વડિયા ગામતળની જૂની હવેલીમાં ધામધૂમથી ઉજવણી થશે. જેને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વડિયાના દરેક પરમ ભગવદીય વૈષ્ણવો, વડિયાના પૂર્વ ઉપસરપંચ છગનભાઈ ઢોલરીયા, પરમ ભગવદીય મરજાદી વૈષ્ણવ જેઠાભાઈ રાક, ભરતભાઈ રામાણી, રવજીભાઈ સોજીત્રા, રવજીભાઈ શેલડીયા તથા તમામ સત્સંગીઓ તેમજ દરેક ભગવદીય વૈષ્ણવો દ્વારા આ ઉત્સવને ઉજવવા એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્સવ અંતર્ગત સાંજે ૫ કલાકે નંદ મહોત્સવની ઉજવણી થશે અને તે બાદ મહાપ્રસાદ તથા રાસ કીર્તનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેનો મોટી સંખ્યામાં લાભ લેવા જણાવાયું છે.

---

## સંઘ શક્તિનો વિકાસ થાય તેવા ઉદ્દેશ સાથે

# સુરત ખાતે બે દિવસીય લાઠી પ્રીમિયર લીગ ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ

લાઠી,તા.૨

લાઠી લેઉવા પટેલ સોશિયલ ગૃપ સુરત દ્વારા આયોજિત બે દિવસીય "લાઠી પ્રીમિયર લીગ ક્રિકેટ ટૂર્નામેન્ટ" સુરત ખાતે પરિપૂર્ણ થઈ હતી. લાઠીનાં તમામ પરિવારો અને નવયુવાનોને એકમંચ પર લાવીને એકતા મજબૂત કરવા તેમજ સૌના સાથ સહકાર થકી સામાજિક, આર્થિક, વ્યવહારિક પ્રસંગો વધુ સરળ અને સુચારુ રુપે થઈ શકે અને સંઘ શક્તિ વિકસે એ ઉદ્દેશથી આ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં



આવ્યું હતું.

આ ટૂર્નામેન્ટમાં સુરત મેયર દક્ષેશભાઈ માવાણી, મનજીભાઈ ધોળકિયા, ઘનશ્યામભાઈ શંકર, વિજયભાઈ દેસાઈ, હિતેશભાઈ વાવડિયા, આર. કે. ધોળકિયા સહિત સામાજિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

---

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: દશમ
તા. ૦૩-૦૫-૨૦૨૪, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૩૮,
સૂર્યાસ્ત-૦૬:૫૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શતભિષ

## દૈનિક રાશિફળ

તા.૦૩-૦૫-૨૦૨૪ શુક્રવાર

મેષ: આજે મન પ્રસન્ન રહેશે અને ધર્મ અને આધ્યાત્મિકતામાં તમારી શ્રદ્ધા વધશે. પરંતુ આર્થિક બાબતોમાં ઝડપથી કોઈ પર વિશ્વાસ ન કરો.

વૃષભ: આજનો દિવસ તમારા માટે લાભ લાવશે પરંતુ તમારે કોઈ ચોક્કસ કાર્યની રાહ જોવી પડશે. તે પછી જ આપણે કાર્યના સફળ વિસ્તરણની યોજના કરી શકીશું.

મિથુન: તમારા માટે આજનો દિવસ શુભ રહેશે. ધંધામાં અપેક્ષિત સફળતાથી તમે સંતુષ્ટ થશો પરંતુ બેસો નહીં અને લાભ મેળવવાની આશા રાખો.

કર્ક: આજે કાર્યમાં નિષ્ફળતાના કારણે મન નિરાશાથી ભરેલું રહેશે, જેના કારણે આજે તમારામાં ક્રોધની માત્રા પણ વધુ રહેશે.

સિંહ: આજે તમે અશક્ય કાર્યોને પણ શક્ય બનાવવાનો પ્રયાસ કરશો. વેપારીઓને આજે લાભ મેળવવા માટે વધુ મહેનત કરવી પડશે.

કન્યા: તમે દિવસભર રમૂજ અને મનોરંજનના મૂડમાં રહેશો અને તમારા જુસ્સાને પરિપૂર્ણ કરવા માટે જરૂરી કાર્યોને પણ અવગણી શકો છો.

તુલા: ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સારા જોડાણ થશે, સાંજે બાળકની બાજુથી અચાનક સારા સમાચાર મળી શકે છે.

વૃશ્ચિક: આજના દિવસે વધારે ગુસ્સો થવાને કારણે પરિવાર સાથે કોઈ બાબતે વિવાદ થવાની સંભાવના છે. પૈસામાં વધારો થશે.

ધન: દિવસના ઉત્તરાર્ધમાં અચાનક મહેમાનોનું આગમન, ખર્ચનો ભાર વધારે છે. પરિવાર સાથે બેસીને સમસ્યાનું સમાધાન શોધવામાં ફાયદો થશે.

મકર: આજે તમે તમારા કાર્યમાં વ્યસ્ત રહેશો અને કોઈ પણ વિરોધીની ટીકા અને અવરોધ તરફ ધ્યાન ન આપીને તમારું કાર્ય ચાલુ રાખશો.

કુંભ: આજે તમારા માટે અનુકૂળ રહીને તમે શારીરિક અને માનસિક સુખનો અનુભવ કરશો. કોઈપણ સ્પર્ધામાં હરીફ વિદ્યાર્થીઓ જીતી શકે છે.

મીન: આજે તમે મૂંઝવણની સ્થિતિમાં રહેશો. અનિશ્ચિત સ્થિતિમાં રહીને તમારા હાથમાંથી નફાની તક નીકળી શકે છે.

---

# પિતાએ પુત્રી બાબતે યુવકને ઠપકો આપતાં છરીના ઘા માર્યા

### બંને પક્ષોએ સામસામી ફરીયાદ નોંધાવી

બગસરા, તા.૨

બગસરાના પીઠડીયા ગામે એક પિતાએ તેની પુત્રીને લઈ યુવકને ઠપકો આપતા તેના પર છરીથી હુમલો કરવામાં આવ્યો હતો. જેને લઈ પ્રાગજીભાઈ ગાંગજીભાઈ ડાબસરા (ઉ.વ.૫૦)એ તેમના જ ગામના અનિલભાઈ લખમણભાઈ શેલડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીને તેમની દીકરી બાબતે ઠપકો આપતાં સારું નહોતું લાગ્યું અને ઉશ્કેરાઈને છરીના બે ઘા માર્યા હતા. જ્યારે સામે પક્ષેઅનિલભાઈ લખમણભાઈ શેલડીયા (ઉ.વ.૩૯)એ તેમના જ ગામના પ્રાગજીભાઈ ગાંગજીભાઈ ડાબસરા, ભીખુભાઈ પ્રાગજીભાઈ ડાબસરા તથા વિશાલભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. તેઓ પોતાની વાડીએ જતા હોય તે દરમિયાન પ્રાગજીભાઈ તેમને ગાળો આપવા લાગ્યા હતા. જેથી તેમણે ગાળો આપવાની ના પાડતા ઉશ્કેરાઈને છુટ્ટા પથ્થરનો ઘા માર્યા હતા. ઉપરાંત ઢીકાપાટુનો મુંઢમાર મારી જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.ટી. બળસટીયા વધુ તપાસ કરી રહ્યા છે.

---

# જાનબાઈ (દેરડી) ખાતે પરિણીતાએ ગળાફાંસો ખાધો

### પરિણીતાના આપઘાત અંગે લાઠી પોલીસે તપાસ શરૂ કરી

લાઠી, તા.૨

લાઠીના જાનબાઈ દેરડી ગામ ખાતે એક પરિણીતાએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી દીધું હતું. બનાવ અંગે ભુતીયા ગામે રહેતા હિતેશભાઈ દિનેશભાઈ રાઠોડ (ઉ.૩૫) એ જાહેર કર્યા મુજબ, દેરડી (જાનભાઈ) ગામે વૈશાલીબેન બાવચંદભાઈ સાભલીયા (ઉ.વ.૩૩) પોતાની મેળે રૂમમાં રાખેલ અનાજ ભરવાની પેટી ઉપર આવેલા સ્લેબના હુકમાં દોરડા વડે ગળાફાંસો ખાઈ જતા મરણ પામ્યા હતા. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.ડી.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

---

# રાજુલામાં પરિણીતાનો વીડિયો ઉતારી બ્લેકમેઈલ કરી નરાધમે દુષ્કર્મ આચર્યું

### કોઇને વાત કરીશ તો વીડિયો વાયરલ કરવાની ધમકી આપી

રાજુલા, તા.૨

રાજુલામાં રહેતી એક મહિલા ન્હાતી હતી ત્યારે તેનો ચોરીછુપીથી વીડિયો બનાવી એક યુવકે દુષ્કર્મ આચર્યુ હતું. ઉપરાંત જો વાત કોઈને કરીશ તો વીડિયો વાયરલ કરી દઈશ તેવી ધમકી પણ આપી હતી. બનાવ સંદર્ભે પરિણીતાએ મૂળ અમરેલીના કેરીયા ગામના અને હાલ રાજુલામાં રહેતા પ્રવીણભાઈ જેઠાભાઈ મેરીયા (ઉ.વ.૩૯) સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીએ તેના પતિ સાથે મિત્રતા કેળવી હતી, જે બાદ તેમનો ફોન નંબર મેળવી લીધો હતો અને વાતચીત કરવા કહેતા હતા. ત્રણ મહિના પહેલા તેઓ ન્હાતા હતા ત્યારે આરોપીએ ચોરીછુપીથી વીડિયો ઉતારી લીધો હતો. આ વીડિયો તેને મોકલીને બ્લેકમેઈલ કરીને દુષ્કર્મ આચર્યુ હતું.

ઉપરાંત જો કોઈને વાત કરીશ તો વીડિયો વાયરલ કરી દઈશ તેવી ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈ. આઈ.જે.ગીડા વધુ તપાસ કરી રહ્યા છે.

---

# રાજુલાના સમઢીયાળા-૧ ગામેથી સગીરાનું અપહરણ

રાજુલા, તા.૨

રાજુલાના સમઢીયાળા-૧ ગામેથી એક સગીરાને તેમના જ ગામનો યુવક લગ્નની લાલચ આપી બદકામના ઈરાદે ભગાડી ગયો હતો. બનાવ અંગે સગીરાના માતાએ અશ્વિન હરીભાઈ મકવાણા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમની પુત્રીને બદકામ કરવાના ઈરાદે લલચાવી, ફોસલાવી કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ ગયો હતો.

---

# અમરેલીમાં આવતીકાલે રન ફોર વોટનું આયોજન કરાયું

અમરેલી,તા.૨

અમરેલીમાં લોકસભાની ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે અંગે અમરેલી નગરપાલિકા દ્વારા મતદારોને મતદાન અર્થે જાગૃત કરવામાં આવી રહેલ છે ત્યારે આવતીકાલ તા.૪ મેના રોજ ફોરવર્ડ હાઈસ્કૂલના મેદાન ખાતે રન ફોર વોટનું આયોજન કરવામાં આવેલ છે. અમરેલી નગર પાલિકાના ચીફ ઓફિસર એચ.કે.પટેલે જણાવ્યું હતું કે, અમરેલી શહેરમાં ૭ મેના રોજ યોજાઈ રહેલ લોકસભાની ચૂંટણીમાં વધુમાં વધુ મતદારો જાગૃતિ દાખવી મતદાન કરે તે દિશામાં ચૂંટણી પંચ દ્વારા દરરોજ અવનવા કાર્યક્રમ યોજવા તાકીદ કરવામાં આવી રહેલ છે. મતદારો વધુમાં વધુ મતદાન કરે તે માટે તા.૪ મેના રોજ સાંજના ૬ કલાકે અમરેલી ફોઈવર્ડ સ્કૂલ ખાતે આવેલ વિશાળ ગ્રાઉન્ડ ઉપર રન ફોર વોટનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં શહેરીજનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવી છે.

તંત્રી લેખ

# AI ના અતિરેકથી મૌલિક વિચારોનો ખાતમો થઈ જશે

ઇન્ટરનેટના અતિરેકના માઠા પરિણામો ધીમે ધીમે નજર સામે આવી રહ્યા છે. માસૂમ બાળકોથી માંડીને યુવાનો ઈન્ફોર્મેશન ટેકનોલોજીના ઉપયોગથી પોતાની મૌલિક વિચારસરણીને ગુમાવી રહ્યા છે જેવી રીતે કેલ્ક્યુલેટર આવતાની સાથે જ ગણતરી કરવાની ક્ષમતા લોકો ભૂલી ગયા તેવી રીતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ વધતાં હવે લોકોની મૌલિક શક્તિ અને વિચાર કરવાની ક્ષમતા ધીમે ધીમે ઘટી રહી છે. ઈન્ટરનેટ લોકોના મૌલિક વિચારને પ્રભાવિત કરે છે. દિશાનિર્દેશના અભાવને કારણે યુવાઓ હવે સાધારણ મુદ્દાઓ પર પણ ચર્ચા કરી શકતા નથી. તેઓમાં મૌલિક વિચારની ક્ષમતાનો અભાવ જોવા મળે છે અને તેઓ ગંભીર રીતે વિચારવાને બદલે ભાવુક થઈ જાય છે. તેઓ આક્રમક અને આધાર વગરના અભિપ્રાયને ઢાલ બનાવીને પોતાની બૌદ્ધિક દુર્બળતાને છૂપાવે છે. ઐતિહાસિક કારણો તેમજ મનોવૈજ્ઞાનિક અસુરક્ષાને કારણે ભારત આજે કોઈના પણ આદર્શોનું અનુસરણ કરી રહ્યું નથી. તેમાં ભારતીયોનું મનોવૈજ્ઞાનિક પતન થઈ રહ્યું છે. ભારતીયોએ પશ્ચિમી આદર્શોનો પીછો કર્યો, જેનાથી આપણે પાયો ગુમાવ્યો. ભારત પોતાની અને પશ્ચિમી મહાગાથાઓ વચ્ચે ફસાયેલું છે. પશ્ચિમી ઉપભોક્તાવાદ હવે ભારતની સંસ્કૃતિમાં ખાસ કરીને યુવા અને શહેરી વસ્તીમાં જોવા મળે છે. ભારતીયો તાત્કાલિક સંતુષ્ટિ તેમજ જીવન જીવવા માટે લોનના ઉપયોગ જેવા પશ્ચિમી મૂલ્યોથી પ્રભાવિત થયા છે, જેની એક સમયે ભારતીય સમાજમાં નિંદા કરાતી હતી. જૂની પેઢીના દોરમાં લોકો પાસેથી પોતાની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવા માટે સખત મહેનતની અપેક્ષા રખાતી હતી. તેનાથી વિપરીત આજના યુવાઓ મહેનત વગર જ તમામ ઈચ્છાઓ પૂરી કરવા માંગે છે. તેઓ એ નેતાઓ તરફ આકર્ષિત થાય છે, જે દઢતા અને કઠોરતાની માંગ વગર તેઓને સારો અનુભવ કરાવવા માટે લોભામણી વાતો કરે છે. પરંપરાગત સ્રોતો, ગ્રંથો અને સંદર્ભ-બિંદુઓનો વિનાશ ભારતીયોની આત્મ-છબીમાં એક શૂન્ય પેદા કરે છે, જેનાથી ડિજિટલ પ્લેટફોર્મને પોતાના સિદ્ધાંતોને આગળ વધારવાનો અવસર મળે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સમાચારમાં આવવા માટે ચાલી રહેલી હોડમાં લોકપ્રિયતા અને ઓળખનો એક સરળ માર્ગ પ્રદાન કરે છે. અસંખ્ય ફોલોઅર્સ હોવાથી ઓળખ, પુરસ્કાર અને હાઈપ્રોફાઈલ નિયુક્તિ મળે છે. જનતાની પાસે મજબૂત સામાજિક નેટવર્કિંગ કૌશલ્ય વાળા સ્પષ્ટ વક્તાઓ અને વાસ્તવિક પરિવર્તનને અસર કરવા માટે ક્ષમતા રહી નથી. ભારતીયોને ભાવનાત્મક રીતે ફોસલાવીને ઠગાઈ કરી હોવાનો ઈતિહાસ છે. અંગ્રેજો પણ ભારતીયોનું શોષણ કરતા પણ તેમના કેટલાક તહેવારો અને રીતિઓથી નકલી પ્રેમ દેખાડીને મૂળ નિવાસીઓનું દિલ જીત્યું હતું. આવા સમાજનો અનુચિત લાભ લેવો અને તેને નિયંત્રિત કરવું સરળ હોય છે. આપણો શત્રુ સમાજને વશ કરવા માટે પાછલા દરવાજાથી પ્રવેશ કરે છે. તેમને લાગે છે કે જો ભારતીયોને ખોટો ભાવનાત્મક વિજય આપવામાં આવે, તો તેઓનું ધ્યાન વાસ્તવિક મુદ્દા પરથી હટી જશે. અંગ્રેજો જ્યારે ભારતીય રાજાઓને હાથી પર બેસાડીને બંદુકની સલામી આપતા હતા ત્યારે તેઓ મનોવૈજ્ઞાનિક નિયંત્રણનો ઉપયોગ કરતા હતા. અમેરિકનોની નકલ ભારતીયો ખોટી રીતે કરે છે.

# તમામ ખરીદી લોકલ બજારમાં કરવાથી સૌથી વધુ ફાયદો પર્યાવરણને થશે



પ્રાસંગિક
સુરેશ દેસાઇ

એક માન્યતા એવી છે કે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવાથી પર્યાવરણનો બચાવ થાય છે અને પ્રદૂષણ ઓછું થાય છે પરંતુ આ માન્યતા સદંતર ખોટી છે સૌથી વધુ નુકસાન આધુનિક ટેકનોલોજી દ્વારા પર્યાવરણને થાય છે. આજથી બે કે ત્રણ દાયકા પહેલા આપણા ઘરની નજીક જ તે એવી દુકાનો હતી કે જ્યાંથી તમામ ચીજ-વસ્તુ મળી રહેતી. માત્ર બે પાંચ મિનિટના અંતરે જ તમામ કરિયાણું તથા ઘર વપરાશની વસ્તુઓ મળતી આ માટે બહુ દૂર જવું પડતું નહીં આથી ખર્ચ ઓછો આવતો, શારીરિક શ્રમ ઓછો થતો પરંતુ આજે સમયની સાથે નવા નવા બજારો વિકસતા ગયા અને તે ઘરથી દૂર હોવાથી વાહનમાં જવું પડે છે આથી ઈંધણ વધુ વપરાય છે. શહેરના લાખો માણસો જો આ રીતે વાહનનો ઉપયોગ કરે તો પર્યાવરણમાં કેટલું પ્રદૂષણ થાય તે સમજવા જેવી વાત છે આનાથી આગળ વાત કરીએ તો હાલ ચીજ-વસ્તુઓ ઓનલાઈન મંગાવવાનો ક્રેઝ ચાલી રહ્યો છે. મોટાભાગના માણસો એવું માને છે કે ઓનલાઈન વસ્તુ મંગાવવાથી પર્યાવરણનો બચાવ થાય છે પરંતુ ઓનલાઈન ચીજ-વસ્તુઓ વેચતી ઈ-કોમર્સ કંપનીઓ સૌથી વધુ પર્યાવરણ વિનાશ કરે છે આને માટે મોટા સ્ટોર અને મોટા ડેટા સેન્ટરો ઉભા કરવામાં આવ્યા છે જ્યાં વીજળીનો સૌથી વધુ વપરાશ થાય છે આથી ઓનલાઈન ચીજ-વસ્તુ મંગાવવાથી પર્યાવરણ બચાવ થાય છે એ વસ્તુ સાચી નથી. એક સમય એવો હતો કે નજીકમાં અનાજ મળતું અને તે બાજુમાં આવેલી ઘંટીમાં દળાવીને તરત તૈયાર તાજો લોટ મળતો પરંતુ હવે તો ઓનલાઈન લોટ મંગાવવામાં આવે છે જેમાં વધુ ઉર્જા વપરાય છે, મોટા જથ્થામાં લોટ બનતો હોવાથી તેના પોષક તત્વો નષ્ટ થયા હોય છે. એક સમયે દરેક ઘરમાં મોટી મોટી ઘંટીઓ હતી તેમાં વહેલી સવારે સ્ત્રીઓ અનાજ દળતી હતી આથી તેના પોષક તત્વો જળવાઈ રહેતા પરંતુ હવે મોટી મોટી ફ્લોર મિલોમાં એક સાથે સેંકડો ટન અનાજ દળાય છે અને તે ગરમ થાય છે, પોષક તત્વો નષ્ટ થાય છે આમ આધુનિક ટેકનોલોજી દ્વારા પર્યાવરણનો બચાવ નહીં પણ વિનાશ વધુ થાય છે. આપણે થેલી લઈને બજારમાં કંઈક ખરીદ કરવા જઈએ જેમાં વાહન અથવા રિક્ષામાં જઈએ તો તેને કારણે પર્યાવરણને નુકસાન થાય છે પરંતુ જો આપણે ઘરના ખૂણામાં બેસીને વસ્તુને ઓનલાઈન મંગાવીએ તો પર્યાવરણનો બચાવ થાય છે એવું મોટાભાગના લોકો માને છે પરંતુ આ માન્યતા સદંતર ખોટી છે કારણકે તમે જ્યારે થેલી લઈને બજારમાં ચીજ-વસ્તુ ખરીદવા જાવ છો ત્યારે પર્યાવરણમાં બગાડ ઓછો થાય છે પરંતુ તમે જ્યારે કોઈપણ વસ્તુ ઓનલાઈન મંગાવો છો ત્યારે પર્યાવરણમાં બગાડ વધારે પ્રમાણમાં થાય છે. વિશ્વભરની ઈ-કોમર્સ કંપનીઓ તેની પ્રોડક્ટ દીઠ અંદાજે ૧૭૮ ગ્રામ કાર્બનનું ઉત્સર્જન કરે છે મતલબ કે આનાથી પર્યાવરણને નુકસાન થાય છે આ નુકસાન કેવી રીતે થાય છે તે જાણવું જરૂરી છે. ખરીદી માટે વધુ ટકાઉ રીત અપનાવવી જરૂરી બની જાય છે.


**બજારમાં આવેલી નાની નાની હાટડીમાંથી ખરીદી કરવામાં આવે તો સૌને લાભ થશે. મલ્ટીનેશનલ કંપનીઓને નહીં પણ લોકલ બજારને વધુ મહત્વ આપવું જરૂરી છે.**

સમગ્ર વિશ્વ પ્રદૂષણ ઘટાડવા માટે પ્રયાસ કરી રહ્યું છે, દરમિયાન શોપિંગની આદતમાં ફેરફાર કરીને તેમાં યોગદાન આપી શકાય છે. નિષ્ણાતો અનુસાર ચાલીને અથવા સાઈકલ પર કપડાંની થેલીમાં પાડોશની દુકાનમાંથી ખરીદી કરવામાં ઓછું પ્રદૂષણ થાય છે. પીવાનું પાણી તથા સોફ્ટ ડ્રિંક્સ વેચતી કંપનીઓ ગ્રાઉન્ડ વોટરનો વધુ વપરાશ કરે છે. ઓનલાઈન કંપનીઓ દ્વારા ઉપયોગમાં લેવાતી ઑટોમેટેડ પિકિંગ એન્ડ પેકિંગ સિસ્ટમથી ખૂબ જ એનર્જીનો વપરાશ થાય છે. અમેરિકન મેનેજમેન્ટ કન્સલ્ટિંગ ફર્મ ઓલિવર વાયમન અનુસાર ઈ- કોમર્સ કંપનીઓની આઈટીનો વીજ વપરાશ પ્રોડક્ટ દીઠ અંદાજે ૧૭૮ ગ્રામ કાર્બનનું ઉત્સર્જન કરે છે. જ્યારે ફિઝિકલ સ્ટોરમાં તે પ્રોડક્ટ દીઠ ૧૧૫ ગ્રામ છે. એટલે કે ઑનલાઈન શોપિંગમાં ૫૫% વધુ કાર્બન ઉત્સર્જન થાય છે. જો પેકેજિંગની વાત કરીએ તો ઑનલાઈન શોપિંગ ઑફલાઈન શોપિંગની તુલનામાં ૪.૮ ગણો પેકેજિંગ કચરો પેદા કરે છે. કેટલાક સમય પહેલા આ આંકડો ૭ ગણાથી પણ વધુ હતો. જો ઑનલાઈન શોપિંગ વર્તમાન દરે જ વધતું રહેશે તો કાર્બન ઉત્સર્જનમાં ૪૦%નો ઘટાડો થઈ શકે છે. મહિનાની પૂરી ખરીદી એક જ વખતમાં કરીને પણ કાર્બન ઉત્સર્જનને ઘટાડી શકાય છે. જો ઑનલાઈન શોપિંગ કરો છો તો ચેક કરીને ખરીદી કરો જેથી રિટર્ન ના કરવું પડે. એવી ઈ-કોમર્સ કંપનીઓની પાસે ખરીદી કરવાનું પસંદ કરો જે પર્યાવરણને અનુકૂળ હોય એ રીતે પેકેજિંગ કરતી હોય. તેઓ સામાન પહોંચાડવા માટે ઈલેક્ટ્રિક વાહનોનો વધુ ઉપયોગ કરે છે. રિસાઈકલ કરાયેલી પ્રોડક્ટની ખરીદીથી પણ કાર્બન ઉત્સર્જન ઘટાડી શકાય છે. વિશ્વભરની ઈ-કોમર્સ કંપનીઓમાં પ્રોડક્ટ દીઠ અંદાજે ૧૭૮ ગ્રામ કાર્બનનું ઉત્સર્જન થાય છે. ઓનલાઈન શોપિંગ પર્યાવરણને નુકસાન પહોંચાડી રહ્યું છે, ડેટા સેન્ટર્સમાં ઘરો કરતાં ૧૦ ગણો વધુ વીજ વપરાશ થાય છે. ખરીદી માટે વધુ ટકાઉ રીત અપનાવવી જરૂરી છે. સમગ્ર વિશ્વ પ્રદૂષણ ઘટાડવા માટે પ્રયાસ કરી રહ્યું છે. સૈદ્ધાંતિક રીતે કોઈ પણ ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર જઈને ઓર્ડર આપવો અને ઘર પર જ મનગમતી વસ્તુઓની ડિલીવરી મેળવવી વધુ સુવિધાજનક લાગે છે. સામાન્યપણે એવો ખ્યાલ પ્રવર્તે છે કે કોઈ સ્ટોર પર જઈને શોપિંગ કરવાની તુલનામાં તે વધુ સરળ અને પર્યાવરણને અનુકૂળ છે કારણ કે તેમાં કાર અથવા ટૂ-વ્હીલર્સના ઈંધણનો ઉપયોગ થતો નથી. પરંતુ ઑનલાઈન શોપિંગ તમારા ખ્યાલથી વધુ પર્યાવરણ માટે નુકસાનકારક સાબિત થાય છે. ઑનલાઈન ખરીદી બાદ જ્યારે સામાનની ડિલીવરી કોઈ અન્ય પાર્સલ ડિલીવરી કંપની મારફતે કરાય છે ત્યારે પરંપરાગત ખરીદીની તુલનામાં ૮૧% વધુ ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન થાય છે. ઑનલાઈન શોપિંગ માટે થતું ટ્રાન્સપોર્ટેશન અને શિપિંગથી ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન વધે છે. કેટલાક અનુમાન અનુસાર ઈ-કોમર્સ સહિત તમામ પ્રકારની વસ્તુઓના પેકેજિંગ માટે દર વર્ષે અંદાજે ત્રણ અબજ વૃક્ષોનું નિકંદન કરવામાં આવે છે. તમારા ઑનલાઈન ઓર્ડરને સ્ટોર કરવા તેમજ તેને પરત મેળવવા માટે મોટા મોટા ડેટા સેન્ટર કામ કરે છે. એક ડેટા સેન્ટર એક સામાન્ય ઘરમાં ઉપયોગમાં લેવાતી વીજળીથી અંદાજે ૧૦ ગણી વધુ વીજળીનો ઉપયોગ કરે છે. તેને ઠંડુ રાખવા માટે મોટી માત્રામાં પાણીની જરૂર પડે છે અને ગ્રાઉન્ડ વોટરનો વપરાશ થાય છે. ઑનલાઈન કંપનીઓ દ્વારા ઉપયોગમાં લેવાતી ઑટોમેટેડ પિકિંગ એન્ડ પેકિંગ સિસ્ટમથી ખૂબ જ એનર્જીનો વપરાશ થાય છે. અમેરિકન મેનેજમેન્ટ કન્સલ્ટિંગ ફર્મ ઓલિવર વાયમન અનુસાર ઈ- કોમર્સ કંપનીઓની આઈટીનો વીજ વપરાશ પ્રોડક્ટ દીઠ અંદાજે ૧૭૮ ગ્રામ કાર્બનનું ઉત્સર્જન કરે છે. જ્યારે ફિઝિકલ સ્ટોરમાં તે પ્રોડક્ટ દીઠ ૧૧૫ ગ્રામ છે. એટલે કે ઑનલાઈન શોપિંગમાં ૫૫% વધુ કાર્બન ઉત્સર્જન થાય છે. જો પેકેજિંગની વાત કરીએ તો ઑનલાઈન શોપિંગ ઑફલાઈન શોપિંગની તુલનામાં ૪.૮ ગણો પેકેજિંગ કચરો પેદા કરે છે.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૫૩૫ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૧૫ | ૬૩૫ |
| જુવાર સફેદ | ૬૭૦ | ૭૩૦ |
| જુવાર લાલ | ૭૧૦ | ૯૦૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૫૦ |
| બાજરી | ૪૦૦ | ૪૭૦ |
| તુવેર | ૧૮૯૦ | ૨૩૨૦ |
| ચણા પીળા | ૧૧૬૦ | ૧૨૩૦ |
| ચણા સફેદ | ૧૬૫૦ | ૧૯૭૦ |
| અડદ | ૧૬૫૦ | ૧૯૭૦ |
| મગ | ૧૫૦૦ | ૧૯૧૩ |
| વાલ દેશી | ૧૫૦૦ | ૨૧૪૦ |
| વાલ પાપડી | ૧૨૪૦ | ૧૯૩૪ |
| મઠ | ૧૦૦૦ | ૧૨૦૩ |
| વટાણા | ૧૫૫૫ | ૧૭૯૦ |
| સીંગદાણા | ૧૫૯૦ | ૧૬૭૫ |
| મગફળી જાડી | ૧૧૩૦ | ૧૩૩૧ |
| મગફળી જીણી | ૧૧૧૦ | ૧૨૬૫ |
| તલી | ૨૩૦૦ | ૨૬૭૨ |
| સુરજમુખી | ૬૩૦ | ૬૩૦ |
| એરંડા | ૯૮૦ | ૧૦૭૪ |
| અજમો | ૧૯૭૫ | ૨૪૦૦ |
| સુવા | ૧૧૫૦ | ૧૪૯૦ |
| સોયાબીન | ૮૩૧ | ૮૭૫ |
| સીંગફાડા | ૧૧૫૦ | ૧૫૭૦ |
| કાળા તલ | ૩૦૦૦ | ૩૨૦૯ |
| લસણ | ૧૩૦૦ | ૨૭૫૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૫૫૦ |
| મરચા સુકા | ૮૫૦ | ૨૧૦૦ |
| ધાણી | ૧૪૫૦ | ૨૦૦૦ |
| વરીયાળી | ૯૫૦ | ૧૭૨૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૭૧૬ |
| રાય | ૧૧૦૦ | ૧૩૨૦ |
| મેથી | ૯૮૦ | ૧૩૦૦ |
| ઇસબગુલ | ૧૫૦૦ | ૨૨૪૦ |
| અશેરીયો | ૨૦૦૭ | ૨૦૦૭ |
| કલોંજી | ૩૪૨૦ | ૩૮૭૦ |
| રાયડો | ૮૦૦ | ૯૭૦ |
| રજકાનું બી | ૩૧૦૦ | ૪૦૦૦ |
| ગુવારનું બી | ૯૯૦ | ૧૦૩૧ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૬૦૦ |
| શક્કરટેટી | ૩૦૦ | ૫૦૦ |
| તરબુચ | ૨૦૦ | ૩૫૦ |
| બટેટા | ૩૦૦ | ૫૩૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૭૦ |
| ટમેટા | ૨૦૦ | ૩૦૦ |
| સુરણ | ૧૬૦૦ | ૧૮૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૧૫૦ | ૩૨૦ |
| કોબીજ | ૮૦ | ૧૨૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૩૬૦ | ૫૦૦ |
| ગુવાર | ૫૫૦ | ૮૨૦ |
| ચોળાસીંગ | ૬૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૯૮૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૩૦૦ | ૬૦૦ |
| સરગવો | ૨૦૦ | ૩૬૦ |
| તુરીયા | ૩૦૦ | ૫૦૦ |
| પરવળ | ૬૦૦ | ૯૦૦ |
| કાકડી | ૧૫૦ | ૩૫૦ |
| ગાજર | ૧૬૦ | ૩૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ગલકા | ૧૮૦ | ૩૦૦ |
| બીટ | ૧૨૦ | ૨૫૦ |
| મેથી | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૩૦ | ૪૨૦ |
| આદુ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૬૦૦ |
| લસણ લીલું | ૧૪૦૦ | ૩૨૦૦ |
| મકાઇ લીલી | ૧૫૦ | ૩૩૦ |
| ગુંદા | ૫૫૦ | ૯૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૪૦૦ | ૫૦૦ |
| રીંગણાં | ૪૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૨૦૦ | ૨૫૦ |
| કોબીજ | ૧૬૦ | ૨૨૦ |
| શક્કરિયા | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૨૫૦ | ૩૫૦ |
| સુરણ | ૧૬૦૦ | ૧૭૦૦ |
| ગાજર | ૨૬૦ | ૩૧૦ |
| દૂધી | ૧૫૦ | ૨૧૦ |
| કરેલા | ૫૨૦ | ૬૨૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| ગુંદા | ૪૦૦ | ૫૦૦ |
| કાકડી | ૨૧૦ | ૩૧૦ |
| ગુવાર | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ચોળાશીંગ | ૬૨૦ | ૮૨૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| પાકી કેરી | ૧૬૦૦ | ૨૨૦૦ |
| કાચી કેરી | ૬૧૦ | ૮૧૦ |
| ભીંડો | ૩૧૦ | ૫૧૦ |
| આદુ | ૨૩૦૦ | ૨૫૦૦ |
| કોથમીર | ૨૨૦ | ૩૨૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફુદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૨૧૦ | ૩૧૦ |
| ગરમર | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૪૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૧૨૦ | ૧૫૦ |
| મરચા લીલા | ૬૨૦ | ૮૨૦ |
| ડુંગળી લીલી | ૩૨૦ | ૪૨૦ |
| ડુંગળી સૂકી | ૧૧૦ | ૩૧૦ |
| લસણ લીલું | ૧૯૦૦ | ૨૫૦૦ |
| લસણ સૂકું | ૨૬૦૦ | ૨૮૦૦ |
| મકાઇ | ૩૧૦ | ૪૧૦ |
| લીંબુ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| પાલક | ૪૩૦ | ૫૩૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૯૧૮ | ૧૪૯૨ |
| શિંગ મઠડી | ૧૧૫૬ | ૧૨૦૭ |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૧૫ |
| શિંગ ફાડા | ૧૩૧૧ | ૧૫૪૦ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૬૬૫ |
| તલ કાળા | ૧૭૦૦ | ૨૫૪૧ |
| બાજરો | ૪૦૦ | ૫૧૩ |
| જુવાર | ૪૩૫ | ૮૦૦ |
| ઘઉં ટુકડા | ૪૫૩ | ૬૧૯ |
| ઘઉં લોકવન | ૪૫૮ | ૫૮૨ |
| મગ | ૧૭૧૫ | ૧૯૦૦ |
| ચણા | ૮૫૦ | ૧૨૨૮ |
| ચણા દેશી | ૧૩૦૪ | ૧૩૫૦ |
| તુવેર | ૧૫૫૦ | ૨૦૫૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૫૮ |
| જીરું | ૨૦૦૦ | ૪૪૧૫ |
| રાયડો | ૮૬૦ | ૯૪૯ |
| રાઈ | ૧૦૦૦ | ૧૧૨૦ |
| ધાણા | ૧૦૩૦ | ૧૮૨૦ |
| ધાણી | ૧૦૭૦ | ૧૯૭૦ |
| અજમા | ૨૧૧૦ | ૨૧૮૦ |
| મેથી | ૭૨૫ | ૧૦૧૫ |
| સોયાબીન | ૮૦૦ | ૮૪૨ |
| મરચા લાંબા | ૬૦૦ | ૩૦૮૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૨૮૧ | ૧૫૦૯ |
| મગફળી | ૧૧૨૨ | ૧૧૫૮ |
| ઘઉં | ૪૮૫ | ૫૩૫ |
| ચણા | ૧૧૩૫ | ૧૨૪૫ |
| જીરૂ | ૩૩૮૫ | ૫૦૨૫ |
| તલ | ૨૧૧૫ | ૨૬૨૫ |
| એરંડા | ૯૯૧ | ૧૦૩૯ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૨૫૧ | ૧૪૫૧ |
| મગફળી મઠડી | ૯૯૯ | ૧૨૪૯ |
| મગફળી જાડી | ૮૫૧ | ૧૨૧૮ |
| મગફળી નવી | ૧૨૫૦ | ૧૩૮૩ |
| તલ | ૨૬૫૧ | ૨૭૫૦ |
| તલ કાળા | ૩૦૫૦ | ૩૦૫૦ |
| જીરૂ | ૩૦૪૦ | ૪૫૦૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૬૦ |
| બાજરો | ૪૦૦ | ૪૯૦ |
| જુવાર | ૪૫૦ | ૬૪૬ |
| મકાઈ | ૪૩૬ | ૪૩૬ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૩૮ |
| દેશી ચણા | ૧૨૬૩ | ૧૨૬૩ |
| તુવેર | ૧૮૭૫ | ૨૧૭૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૫૧ |
| મેથી | ૯૫૦ | ૯૫૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૫૦૧ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૩૭૧ |
| મગફળી | ૧૧૦૦ | ૧૧૭૫ |
| ઘઉં | ૪૭૯ | ૫૧૩ |
| ચણા | ૧૧૩૪ | ૧૨૦૨ |
| તુવેર | ૧૩૫૦ | ૨૦૦૦ |
| ધાણા | ૧૧૯૯ | ૧૩૯૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૮૦૩ | ૮૦૩ |
| જીરૂ | ૩૮૭૫ | ૩૮૭૫ |
| સીંગફાડા | ૧૩૧૫ | ૧૩૧૫ |
| રાજગરો | ૧૦૭૦ | ૧૦૭૦ |
| **મહુવા** | | |
| કપાસ શંકર | ૧૧૯૧ | ૧૩૮૦ |
| એરંડા | ૯૫૯ | ૧૦૫૯ |
| જુવાર | ૩૭૦ | ૯૩૬ |
| બાજરી | ૩૫૧ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૪૩૩૨ | ૬૭૭ |
| અડદ | ૩૭૦ | ૯૦૧ |
| મગ | ૫૦૦ | ૧૮૫૨ |
| સોયાબીન | ૮૧૮ | ૮૫૦ |
| ચણા દેશી | ૧૩૦૦ | ૧૩૧૨ |
| તલ સફેદ | ૨૫૬૨ | ૨૬૭૨ |
| તુવેર | ૧૨૫૪ | ૨૩૦૫ |
| જીરૂ | ૪૯૮૦ | ૪૯૮૦ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૩૩૬ |
| ડુંગળી સફેદ | ૨૩૧ | ૨૮૭ |
| નાળીયેર | ૩૬૨ | ૧૬૯૯ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૦૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૯૦ |
| તુવેર | ૧૩૦૦ | ૨૦૨૦ |
| મગફળી | ૮૦૦ | ૧૨૩૩ |
| સીંગફાડા | ૧૩૦૦ | ૧૪૫૦ |
| એરંડા | ૯૦૦ | ૧૦૫૦ |
| તલ | ૨૦૦૦ | ૨૫૩૫ |
| મેથી | ૮૦૦ | ૯૧૧ |
| જીરૂ | ૪૧૬૦ | ૪૧૬૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૮૧ |
| સોયાબીન | ૭૦૦ | ૮૭૩ |
| **જામનગર** | | |
| કપાસ | ૮૦૦ | ૧૪૭૫ |
| બાજરો | ૩૮૫ | ૪૩૦ |
| ઘઉં | ૩૮૦ | ૫૬૫ |
| મગ | ૧૮૮૦ | ૨૦૩૧ |
| તુવેર | ૧૬૦૦ | ૨૨૨૫ |
| વાલ | ૪૨૦ | ૧૭૦૦ |
| મેથી | ૬૦૦ | ૧૨૦૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૫૭ |
| ચણા સફેદ | ૧૭૦૦ | ૨૦૨૫ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૧૮૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૧૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૯૦ |
| રાયડો | ૮૫૦ | ૧૦૨૮ |
| લસણ | ૧૦૫૦ | ૨૫૩૦ |
| જીરૂ | ૨૭૦૦ | ૪૮૮૦ |
| અજમો | ૨૪૦ | ૩૨૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૬૦ |
| ધાણી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ડુંગળી સૂકી | ૪૦ | ૨૬૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૪૫ |
| વટાણા | ૬૫૦ | ૧૩૭૦ |
| **ગોંડલ** | | |
| ઘઉં | ૪૭૦ | ૬૧૬ |
| ઘઉં ટુકડા | ૪૪૬ | ૬૪૧ |
| કપાસ | ૧૧૫૧ | ૧૫૦૧ |
| મગફળી જીણી | ૯૧૧ | ૧૪૦૬ |
| મગફળી જાડી | ૮૬૧ | ૧૩૬૬ |
| શીંગ ફાડા | ૧૧૫૦ | ૧૫૫૧ |
| એરંડા | ૮૨૧ | ૧૧૨૧ |
| તલ | ૧૮૦૦ | ૨૮૫૧ |
| જીરૂ ૩૨૦૧ | | ૪,૪૫૧ |
| ઇસબગુલ | ૫૫૧ | ૧૪૨૧ |
| કલોંજી | ૨૬૫૧ | ૩૯૧૧ |
| વરિયાળી | ૬૭૬ | ૧૨૪૧ |
| ધાણા | ૧૧૦૧ | ૧૮૭૬ |
| ધાણી | ૧૨૦૧ | ૨૨૦૧ |
| મરચા | ૬૫૧ | ૨૩૦૧ |
| મરચાસૂકા પટ્ટો | ૫૫૧ | ૫૦૦૧ |
| લસણ | ૯૯૧ | ૩૬૮૧ |
| ડુંગળી | ૮૧ | ૩૦૧ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૨૪૦ |
| બાજરો | ૩૮૧ | ૪૧૧ |
| જુવાર | ૬૭૧ | ૭૩૧ |
| મગ | ૧૭૨૬ | ૧૯૮૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૨૨૧ |
| વાલ | ૫૦૧ | ૧૯૫૧ |
| અડદ | ૮૫૧ | ૧૯૦૧ |
| ચોળા/ચોળી | ૧૫૦૧ | ૧૫૦૧ |
| મઠ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| તુવેર | ૧૦૦૧ | ૨૩૩૧ |
| સોયાબીન | ૮૦૦ | ૮૯૧ |
| રાયડો | ૯૩૧ | ૧૦૨૧ |
| રાઈ | ૯૫૧ | ૧૧૫૧ |
| મેથી | ૬૦૦ | ૧૨૪૧ |
| સુવા | ૫૭૬ | ૯૫૧ |
| ગોગળી | ૮૦૧ | ૧૦૧૧ |
| કાંગ | ૯૯૧ | ૯૯૧ |
| વટાણા | ૧૧૦૧ | ૧૧૧૧ |
| ચણા સફેદ | ૧૨૦૧ | ૨૧૦૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૫૬ | ૧૪૫૩ |
| ઘઉં | ૫૫૦ | ૫૬૦ |
| ચણા | ૧૧૮૧ | ૧૨૩૧ |
| બાજરી | ૪૭૬ | ૪૭૬ |
| જુવાર | ૭૭૧ | ૭૭૧ |
| મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ધાણા | ૧૩૦૧ | ૧૩૦૧ |
| તુવેર | ૧૬૦૦ | ૧૬૦૦ |
| મેથી | ૯૫૦ | ૯૫૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૫૦ | ૧૪૬૨ |
| ચણા | ૧૦૩૫ | ૧૧૯૫ |
| ધાણા | ૧૨૦૦ | ૧૩૦૫ |
| જીરૂ | ૪૪૧૫ | ૪૪૧૫ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ઘઉં લોકવન | ૪૧૦ | ૫૧૧ |
| ઘઉં ટુકડા | ૪૪૩ | ૪૪૩ |
| મગફળી | ૧૦૪૦ | ૧૦૪૦ |
| રાય | ૮૭૫ | ૧૦૦૦ |
| લસણ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ચણા સફેદ | ૧૨૭૧ | ૧૨૭૧ |
| તુવેર | ૧૧૫૦ | ૧૯૨૫ |
| જુવાર | ૪૫૫ | ૪૫૫ |
| એરંડા | ૧૦૨૦ | ૧૦૪૪ |
| સોયાબીન | ૮૦૪ | ૮૨૮ |
| સીંગફાડા | ૧૩૫૦ | ૧૩૫૦ |
| **રાજુલા** | | |
| કપાસ | ૧૧૫૨ | ૧૪૩૫ |
| તલ | ૨૩૫૧ | ૨૬૬૬ |
| તલ કાળા | ૧૮૦૧ | ૨૮૧૧ |
| બાજરો | ૪૨૫ | ૫૨૧ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૦૦ |
| જુવાર | ૪૨૧ | ૮૫૦ |
| તુવેર | ૧૭૦૧ | ૧૯૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૨૬ |
| જીરૂ | ૩૯૫૦ | ૩૯૫૦ |
| વાલ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| રાઈ | ૧૦૫૦ | ૧૦૫૦ |
| સોયાબીન | ૮૧૦ | ૮૪૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૫૦ | ૧૩૦૧ |
| મગફળી ૩૨ નં. | ૧૧૨૮ | ૧૨૭૨ |
| બાજરો | ૩૭૦ | ૫૧૮ |
| ઘઉં | ૪૭૦ | ૫૫૭ |
| રાઈ | ૧૧૨૦ | ૧૨૧૨ |
| રાયડો | ૯૫૦ | ૧૦૧૯ |
| મેથી | ૯૦૦ | ૧૦૮૬ |
| જુવાર | ૬૦૦ | ૭૪૮ |
| ચોળી | ૧૮૦૦ | ૨૬૨૦ |
| અડદ | ૧૬૦૦ | ૧૯૪૧ |
| મગ | ૧૫૦૦ | ૧૯૭૨ |
| એરંડા | ૯૫૦ | ૧૦૬૬ |
| ચણા | ૧૧૪૦ | ૧૨૨૧ |
| તલ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| તલ કાળા | ૨૩૦૦ | ૩૧૮૦ |
| સોયાબીન | ૭૬૫ | ૮૮૧ |
| ધાણા | ૧૧૫૦ | ૧૪૦૦ |

## શબ્દ સંજોગ-૧૭૯૫



**આડી ચાવી :**
(૧) આઠ જિલ્લા ધરાવતું એક રાજ્ય (૩)
(૩) એક રમત (૫)
(૬) હોમ, યજ્ઞ (૩)
(૭) ભજન કે ભક્તિ કરનાર (૩)
(૯) નાનું ઢોલ, નગારું (૩)
(૧૦) વસંત ઋતુનો પાક (૨)
(૧૧) પીવું તે (૨)
(૧૨) નિકંદન, નાશ (૩)
(૧૪) ફૂલની પાંખડી (૨)
(૧૫) દૂષણ, કલંક (૨)
(૧૬) બદલા તરીકે જે કંઈ મજરે આપવાનું હોય તે (૪)
(૧૮) કપાળ (૩)
(૨૧) વિચાર, મનન (૨)
(૨૪) માત્ર એક તરફ જવાનો રસ્તો (૩)
(૨૬) એક વાદ્ય (૨)
(૨૭) એક અનાજ (૩)
(૨૮) .......ને અક્કલ ન હોય (૩)

**ઉભી ચાવી :**
(૧ એક છંદ (૩)
(૨) આરામ, વિસામો (૩)
(૩) પાણીમાં ડૂબે ને અંદર ચાલે એવું નાવ (૪)
(૪) ફાળ, ધ્રાસકો (૩)
(૫) સમુદ્રમાં રહેલો અગ્નિ (૫)
(૮) ગાય-બળદને ગળે લટકતી ગોદડી જેવી ચામડી (૫)
(૧૦) ક્રિકેટમાં જીત મેળવવા કરવા પડે (૨)
(૧૧) ભાગોળ આગળનું મેદાન (૩)
(૧૩) અલગ, છેટેનો (૩)
(૧૭) જડાવ કામ (આ-અ) (૪)
(૧૯) એક પક્ષી (૩)
(૨૦) એક અંગ્રેજી તોલ (૨)
(૨૨) જામગરી (૩)
(૨૩) વાંસની ચીપ (૨)
(૨૫) જુસ્સો, જોસ (૨)

## શબ્દ સંજોગ-૧૭૯૪ જવાબ

**આડી ચાવી:** (૧) મૂરખ (૩) મહેશ (૬) મરૂત (૭) મહંત (૮) જણ (૯) લખન (૧૧) બાણ (૧૨) માબર (૧૩) વાળુ (૧૪) સસરા (૧૬) પ્રાસ (૧૮) સર (૧૯) દમ (૨૧) સાવજ (૨૩) શું (૨૪) કોયલ (૨૬) મલ (૨૭) જાનવર (૨૮) વલણ.
**ઉભી ચાવી:** (૧) મૂળો (૨) ખમણ (૩) મતલબ (૪) શમન (૫) પતરાળુ (૮) જણસ (૧૦) ખર (૧૨) મારા (૧૩) વાસદ (૧૫) સરોજ (૧૭) માસા (૧૮) સમય (૨૦) મજલ (૨૨) વસન (૨૪) કોર (૨૫) લવ (૨૬) મણ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801


# અમરેલી માર્કેટયાર્ડની સુવિધાઓથી રાજ્ય બહારના વેપારીઓ પણ આકર્ષાયા

અમરેલી,તા.૨

અમરેલીના માર્કેટયાર્ડ ખાતે મરચાની પુષ્કળ આવક નોંધાવા પામી છે. અમરેલી યાર્ડ ખાતે ખેડૂતો, વેપારીઓને સારામાં સારી સુવિધાઓ મળતા અન્ય જિલ્લાના ખેડૂતો પણ યાર્ડમાં વેચાણ માટે આવી રહ્યા છે. સાથે ગુજરાત બહારના વેપારીઓ પણ આકર્ષાયા છે. રાજકોટ અને ગોંડલના વેપારીઓ ઉપરાંત ગુજરાત બહારના મધ્યપ્રદેશના એક વેપારી ભયુભાઈ, કર્ણાટકના બેડગી ગામના વેપારી અને રાજસ્થાનના મોટા વેપારી સી.પી. મોદી દ્વારા માર્કેટયાર્ડના ચોગાનમાં દુકાન ખરીદી અને મરચાની ખરીદી કરી હતી અને હજુપણ મરચાની આવકમાં વધારો થશે જેના કારણે ખેડૂતોને ખુબ સારા ભાવ મળશે તેમ યાર્ડના સેક્રેટરી તુષારભાઈ હપાણીએ એક યાદીમાં જણાવ્યુ હતું.

# દેવળીયા ગામના પાટીયા નજીક આગ લાગતા ફાયર બ્રિગેડ બોલાવાઈ

## અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની સહાયથી આગ કાબુમાં લેવામાં આવી



અમરેલી,તા.૨

ગુરૂવાર તા. ૨ ના રોજ અંદાજે સવા ત્રણ વાગ્યા આસપાસ અમરેલી ફાયર કંટ્રોલ રૂમ ખાતે ટેલીફોનિક જાણ કરવામાં આવી હતી કે, અમરેલીથી સાવરકુંડલા જતા રોડ પર દેવળીયાના પાટીયા નજીક ખેતરની વાડમાં અચાનક આગ લાગી છે. જેના અનુસંધાને ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની રાહબરી નીચે અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમે તુરંત ઘટના સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિ થયેલ નથી. આ કામગીરી ફાયર સ્ટાફ પ્રવીણભાઈ ચૌહાણ, કૃષ્ણભાઈ ઓળકિયા, યોગેશ કણસાગરા વગેરે દ્વારા કરવામાં આવી હતી.

# ધારી ખાતે મતદાન જાગૃતિ માટે કબડ્ડી સ્પર્ધા યોજાઈ



અમરેલી,તા.૨

આગામી લોકસભાની ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદારોને જાગૃત કરવાની વિવિધ પ્રવૃત્તિ શરુ છે. સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન અંતર્ગત જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ધારી સ્થિત દામાણી હાઈસ્કૂલ ખાતે મતદાન જાગૃતિ માટે કબડ્ડી સ્પર્ધાનો પ્રારંભ કરાવ્યો હતો. કબડ્ડી ટૂર્નામેન્ટના માધ્યમથી અચૂક મતદાનનો સંદેશો પ્રસરાવવામાં આવ્યો હતો. નાગરિકોએ સેલ્ફી પોઈન્ટ પર સેલ્ફી લીધી હતી અને મતદાન માટે સંકલ્પ લીધો હતો. વિજેતા અને રનર્સ અપ ટીમને ટ્રોફી આપવામાં આવી હતી. કબડ્ડીના સ્પર્ધકોને સર્ટિફિકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. રાજુલા વિસ્તારના વિવિધ ઔદ્યોગિક એકમોમાં કાર્યરત શ્રમિકોને તથા સંસ્થાના માલિકોને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. સ્થળાંતરિત મતદારોને મતદાનના દિવસે સવેતન રજા આપવા વિશે માહિતી અને માર્ગદર્શન આપી અચૂક મતદાન માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. ઉપરાંત અમરેલી જિલ્લાના બાબરા, સાવરકુંડલા અને જાફરાબાદ સહિતના વિસ્તારની મહિલાઓ સામૂહિક મહેંદી કાર્યક્રમમાં જોડાયા હતા. મહિલાઓએ મહેંદીની વિવિધ ભાત પાડી અચૂક મતદાનનો સંદેશ આપ્યો હતો. રાજુલા તાલુકાના મોટા આગરીયા ખાતે ગ્રામજનો અને શ્રમિકોને મતદાનનું મહત્વ સમજાવવા મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. નાગરિકોને મતદાન કરવા અને અન્ય આસપાસના પાંચ નાગરિકોને મતદાન કરવા માટે જાગૃત કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

# જિલ્લામાં શાંતિપૂર્ણ મતદાન થાય તે માટે પોલીસની ફ્લેગ માર્ચ



અમરેલી,તા.૨

અમરેલી જિલ્લા પોલીસ વડા હિમકરસિંહ દ્વારા કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે અને શાંતિ પૂર્ણ માહોલ વચ્ચે મતદાન યોજાય તે માટે સમીક્ષાઓ કરી સૂચનાઓ આપવામાં આવી છે તે અંતર્ગત અમરેલી જિલ્લા પોલીસ વડાની સૂચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લામાં આવતી પાંચ વિધાનસભા બેઠક વિસ્તારમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં થાણા અધિકારીઓ, પોલીસ જવાનો દ્વારા ફ્લેગ માર્ચ યોજી શાંતિપૂર્ણ માહોલ મતદાન થાય તેવો સંદેશો આપ્યો હતો.

# ધારીના માણાવાવનો શખ્સ પાસા તળે મધ્યસ્થ જેલ અમદાવાદ ખાતે ધકેલાયો

અમરેલી,તા.૨



ગુનામાં સંડોવાયેલા અજીત બચુભાઈ વાળા રે.માણાવાવનું પાસા વોરંટ નીકળતા અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચના પી.

અમરેલી જિલ્લામાં લોકસભાની ચૂંટણી શાંતિપૂર્ણ રીતે થાય તે માટે જિલ્લા પોલીસ દ્વારા માથાભારે ઈસમોને પાસામાં મોકલવાની તૈયારીઓ શરૂ કરી છે. અત્યાર સુધીમાં લગભગ ૩૦ કરતા વધુ ઈસમોને પાસામાં ધકેલી દેવામાં આવ્યા છે અને હજુ પણ કામગીરી ચાલે છે. અમરેલી જિલ્લામાં પ્રોહિબીશનના ગુનામાં સંડોવાયેલા અજીત બચુભાઈ વાળા રે.માણાવાવનું પાસા વોરંટ નીકળતા અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ.ની ટીમ દ્વારા પાસા હેઠળ ધરપકડ કરી આરોપીને અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ખસેડવામાં આવ્યો છે, આ ઈસમ સામે ચલાલા, બગસરા, ગોંડલ સહિત પોલીસ સ્ટેશનમાં દારૂ સહિતના ૫ જેટલા ગુના નોંધાઈ ચુક્યા હોવાને કારણે પોલીસે પાસા હેઠળ ધકેલી કાર્યવાહી કરતા ફફડાટ ફેલાયો છે. અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચ પી.આઈ.અલ્પેશ પટેલ સહિત પોલીસ કર્મચારીઓ, જવાનો દ્વારા આરોપીને ઝડપી પાસા હેઠળ ધકેલી મોટી કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે આવા ઈસમો અને માથાભારે તત્વો ઉપર અમરેલી એસપીની ટીમ, લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ સતત વોચ રાખી રહી છે. માથાભારે ઈસમો પાસામાં ધકેલાતા ગ્રામજનો પણ રાહતનો શ્વાસ લઈ રહ્યા છે.

# ગીર સોમનાથ જિલ્લામાં મતદાર જાગૃતિ માટે રેડિયો ચેનલનો સહારો

## જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દિગ્વિજયસિંહનાં માર્ગદર્શન હેઠળ પ્રસારણ શરૂ કરાયું




તસ્વીર : કુલદીપ પાઠક

કોડીનાર તા.૨

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દિગ્વિજયસિંહ અને જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકરના માર્ગદર્શનમાં ટર્નઆઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન અંતર્ગત મતદાર જાગૃતિ અભિયાન વેગવંતુ બન્યું છે. ત્યારે ગીર સોમનાથ જિલ્લામાં મતદાન જાગૃતિ માટે તંત્રએ રેડિયો ચેનલનો સહારો લીધો. ગ્રામ્ય વિસ્તારના મતદારોમાં જાગૃતિ માટે લોકવાણી રેડિયો પર વેરાવળ, કોડીનાર, ઉના, તાલાળા, સિંધાજ વગેરે સ્થળોએ લોકલ રેડિયો ચેનલના માધ્યમથી નાગરિકોમાં મતદાન જાગૃતિ અંગેના સંદેશાનું પ્રસારણ કરવામાં આવ્યું હતું અને આ સ્થળોએ ગ્રામજનોએ 'મતદાન અવશ્ય કરીશું' નો સંકલ્પ લીધો હતો.

# કોડીનારના અડવી ગામે ઈન્સપાયર એકેડમીનો વાર્ષિકોત્સવ ઉજવાયો

## ઉચ્ચ પરિણામ મેળવેલ વિદ્યાર્થીઓને પણ ટ્રોફી એનાયત કરી સન્માનિત કરાયા



તસ્વીર : અનીલ કાનાબાર

ડોળાસા, તા.૨

કોડનાર તાલુકાના અડવી ગામે આવેલી ઈન્સપાયર એકેડમીનો સ્થાપના દિન ઉજવવામાં આવ્યો હતો. આ તકે સામાજિક, રાજકીય આગેવાનો, અધિકારીઓ અને શાળાના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ અને વાલીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ તકે દીપ પ્રાગટય કરી કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો અને બાળકોએ રંગારંગ કાર્યક્રમો રજૂ કર્યા હતા. બાદમાં શાળામાં અભ્યાસ કરી સરકારના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું અને હાલમાં અભ્યાસ કરતા અને ઉચ્ચ પરિણામ મેળવેલ વિદ્યાર્થીઓને પણ ટ્રોફી એનાયત કરી સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# કોડીનાર ખાતે ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજના ૩૩મા સમૂહ લગ્નોત્સવમાં ૧૭૪ યુગલો જોડાયા

કોડીનાર તા.૧

કોડીનાર ખાતે ક્ષત્રિય કારડીયા રાજપુત સમાજનો ૩૩ મો સમૂહલગ્ન સમારોહ ભવ્ય રીતે સંપન્ન થયો હતો. આ લગ્નોત્સવમાં ૧૭૪ યુગલોએ સાંસારિક જીવનનો પ્રારંભ કર્યો હતો. આ સમૂહ લગ્નોત્સવમાં ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજના આશરે ૪૫૦૦૦ જેટલા લોકોએ હાજર રહી સમાજની એકતાના દર્શન કરાવ્યા હતા. સાથો સાથ લગ્ન ઉત્સવમાં ૩૦૦૦૦ લોકોએ એક પંગતમાં બેસી સમૂહ ભોજન કર્યું હતું. સંજયભાઈ શાસ્ત્રી અને તેમની ટીમ દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી લગ્નવિધિ કરાવવામાં આવી હતી.


## નામ બદલાવેલ છે

હું બાવીશી રાકેશભાઈ નાગજીભાઈનો પુત્ર શ્રી બાવીશી અનિકેત રાકેશભાઈ, ઉમર: ૨૪ વર્ષ, રહે. આંકડિયા મોટા, તા.જી.અમરેલી -૩૬૫૪૫૫, રાજય: ગુજરાત, ભારત. હું આથી જાહેર કરૂ છું કે, મારૂ સાચુ અને ખરૂ નામ બાવીશી અનિકેત રાકેશભાઈ છે. વધુમાં હું જાહેર કરૂ છું કે બાવીશી અનિકેત રાકેશભાઈ, બાવીસી અનિકેત રાકેશભાઈ મારા બધા નામો એક જ વ્યક્તિ માટે વપરાયેલ છે એટલે કે મારી સ્વ. વિષયક એફિડેવિટ નં.૫૫૬૦/૨૦૨૪ તારીખ. ૩૦/૪/૨૦૨૪, અમરેલી, ગુજરાતની નોટરી સમક્ષ.


# અમરેલીની વિદ્યાસભા સ્કૂલમાં ઉર્જા મિત્ર હોમ વાન પ્રદર્શન કાર્યક્રમ યોજાયો

## ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી ગાંધીનગર અને જયા ભારતી ફાઉન્ડેશન સુરત સહિત આયોજકોની ઉપસ્થિતિ

અમરેલી, તા.૨

અમરેલીની વિદ્યાસભા સ્કૂલ ગજેરા કેમ્પસ ખાતે ઉર્જા સંરક્ષણ કાર્યક્રમ અંતર્ગત ઉર્જા મિત્ર-હોમ વાન પ્રદર્શન યોજાયું હતું. આ વખતે ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી ગાંધીનગર અને જયાભારતી ફાઉન્ડેશન સુરત તેમજ જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર સીએસસી સુરત આ કાર્યક્રમના પ્રાયોજક અને આયોજકોએ હાજરી આપી હતી. આ ઉર્જા મિત્ર હોમ વાન પ્રદર્શનમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સ્ટાફે હાજર રહી પ્રદર્શન લગતી માહિતી મેળવી હતી.

# ધોરાજીના મોટી પરબડી ગામે ખેડૂતના મકાનમાં તસ્કરો ત્રાટક્યા

ધોરાજી, તા.૨

ધોરાજી તાલુકાના મોટી પરબડી ગામે એક ખેડૂતના મકાનમાં ચોરો ત્રાટકીને રૂ.૯૦ હજારની મત્તાની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. બનાવની જાણવા મળેલી વિગત મુજબ ધોરાજી તાલુકાના મોટી પરબડી ગામે રહેતા રમેશભાઈ ભનાભાઈ નામના ખેડૂત નાની પરબડી ગામે આયોજિત સપ્તાહમાં સહપરિવાર મકાનને તાળા મારીને ગયા હતા. રાત્રિના સમયે પરત આવીને જોતા તેમના ઘરનો ડેલો ખુલતો ન હતો જેથી બાજુના ઘરેથી જોતા ઓસરીની ગ્રીલનું તાળુ તુટેલી હાલતમાં હતું. ડેલો અંદરથી બંધ કરવામાં આવેલ હતો અને મકાનમાં અંદરના રૂમમાં રાખેલ કબાટ ખુલ્લો હતો જેમાં રાખેલ કપડા અને સરસામાન અસ્તવ્યસ્ત હતો તેમજ તીજોરી તુટેલી હાલતમાં હતી અને તેમાંથી રોકડ રૂ. ૮૫ હજાર તેમજ ૫ હજારના ચાંદીના દાગીના અને સિક્કા ગાયબ હતા. જેથી ખેડૂતે ધોરાજી પોલીસ મથકમાં રૂ. ૯૦ હજારના મુદ્દામાલની ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ આગળ તપાસ કરી રહી છે.


## -//સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૬૮ /૨૦૨૪

**અરજદાર :-** શ્રી બાલુભાઈ નાગજીભાઈ ગોંડલીયા
રે. બાબાપુર, તા.જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.બાબાપુર, તા.જિ.અમરેલી

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના બાબાપુર ગામના બાલુભાઈ નાગજીભાઈ ગોંડલીયા તેઓનો ભત્રીજા વિઠલભાઈ દેવજીભાઈ ગોંડલીયા જન્મ તા.૨૨/૦૫/૧૯૫૬ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં,ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૪/૦૪/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ**
**અમરેલી.**


# કોડીનાર તાલુકામાં મતદાન જાગૃતિ માટે વિવિધ પ્રયાસો કરવામાં આવ્યા

કોડીનાર તા.૨




ગીર સોમનાથ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જેને અનુલક્ષીને કોડીનાર તાલુકામાં વિવિધ મતદાર જાગૃતિ કાર્યક્રમો કરવામાં આવ્યાં હતા. જેમાં મૂળદ્વારકા(મઠ) સહિતના તમામ બૂથોમાં 'તમારા મતદાન મથકને જાણો' અંતર્ગત તમામ બુથોની નાગરિકોએ મુલાકાત લીધી હતી અને ચૂનાવ પાઠશાળાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ઉપરાંત માછીમાર સમાજની મહિલાઓ પણ પુરુષો સાથે કદમથી કદમ મિલાવીને મતદાન કરે તે માટે સંવાદ સાધીને નાગરિકોને જાગૃત કરવામાં આવ્યા હતા. મનરેગામાં કામ કરતા મજૂરો, કંપનીઓના કર્મચારીઓ, શ્રમજીવીઓ સહિત વિવિધ જગ્યાઓએ મતદાન જાગૃતિ અંતર્ગત બહોળી સંખ્યામાં મતદાન કરવા અપીલ કરવા સાથે 'હું અવશ્ય મતદાન કરીશ'ના શપથ લેવડાવવામાં આવ્યા હતાં.

આ તકે તાલુકા વિકાસ અધિકારી બી.જી.બગથરિયા અને શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.


## CHANGE OF NAME

I Undersigh **I BHARMAL MURTUJA ABBASBHAI** have changed my name from **BHARMAL MURTUJA ABBASALI (NEW)** To **BHARMAL MURTUJA ABBASBHAI** Now I will be known as (NEW) **BHARMAL MURTUJA ABBASBHAI**
Sigh : **BHARMAL MURTUJA ABBASBHAI**
Address: HUSENI MANZIL, VORAWAD, NEAR WELCOME CUTTLERY, AT-AMRELI, DIST-AMRELI-365601

## ॥ બજરંગ સ્ટીલ ॥

અમારે ત્યાંથી દરેક કંપનીનાં ISI Tmt લોખંડ (સળીયા), સિમેન્ટ, પતરા, ગેલ્વેનાઈઝ પાઈપ, બાઈન્ડીંગ વાયર, ખીલીઓ તેમજ બિલ્ડીંગ રો મટીરીયલ્સ વ્યાજબી ભાવથી મળશે


સ્થળ: લાઠી રોડ બાયપાસ, લાલાવાવ હનુમાનજી મંદિરની સામે, અમરેલી

અતુલભાઈ વી. ધામત (લીલીયાવાળા) મો.૯૪૨૮૭ ૧૧૯૧૨

**સરકાર બન્યાના ૧૦ વર્ષ પછી પણ કાળું નાણું ન મળ્યું અને ખાતામાં ૧૫ લાખ પણ ન આવ્યા**

# ભાજપના રાજમાં મોંઘવારી બેકાબૂ, ૫૦૦માં ગેસનો બાટલો આપવાની વાત પણ હવામાં : ભૂપેશ બઘેલ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨



લોકસભા ચૂંટણીના બે તબક્કાનું મતદાન થયું છે. છત્તીસગઢમાં ત્રીજા તબક્કાની ચૂંટણી ૭ મેના રોજ યોજાવાની છે. આ જોતાં અહીં રાજકારણ જોરમાં છે. પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે એક સભાને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાઈ પર આકરા પ્રહારો કર્યા છે. સભાને સંબોધતા તેમણે કહ્યું કે આ વર્ષની લોકસભાની ચૂંટણી ખૂબ મહત્વની છે, કારણ કે આ વખતે કેન્દ્રની મોદી સરકાર ૪૦૦થી વધુના નારા આપી રહી છે. તેમણે કહ્યું કે ભાજપ ૪૦૦થી વધું સીટ કહે છે કારણ કે બંધારણ બદલવાની તૈયારીઓ થઈ રહી છે. તેમણે કહ્યું કે ૨૦૨૮ સુધીમાં ભાજપ સરકાર બંધારણમાં ફેરફાર કરીને આપણા અધિકારો છીનવી લેશે, તેણે કહ્યું હતું કે અમારી સરકાર બનશે તો અમે કાળું નાણું પરત લાવીશું અને ૧૫ લાખ રૂપિયા મોકલીશું દરેક ગરીબના ખાતામાં. પરંતુ સરકાર બન્યાના ૧૦ વર્ષ પછી પણ કાળું નાણું ન મળ્યું અને ન ખાતામાં ૧૫ લાખ રૂપિયા આવ્યા. તેમણે કહ્યું કે ભાજપ સરકારમાં મોંઘવારી ચરમસીમાએ છે. સરકારે ૫૦૦ રૂપિયામાં ગેસ આપવાનું વચન આપ્યું હતું, પરંતુ આજે ગેસના ભાવ આસમાને છે. તેમણે મહતરી વંદન યોજના પર કહ્યું કે જ્યારે લોકો ૧૮ વર્ષની ઉંમરે મતદાન કરે છે, તો પછી ૨૧ વર્ષની ઉંમરે યોજનાનો લાભ કેમ લેશે, તેમણે કહ્યું કે મહતરી વંદન યોજના હેઠળ બે હપ્તામાં પૈસા આપવામાં આવ્યા હતા અને સીએમ વિષ્ણુદેવ સાંઈ ત્રણ મહિના માટે ડકારી ગયા. તેમણે કટાક્ષ કરતાં કહ્યું કે, મુખ્યમંત્રી કહે છે કે તમામ કામો એક સાથે થઈ રહ્યા છે, પરંતુ કોંગ્રેસ દ્વારા શરૂ કરાયેલા કામો ધીરે ધીરે બંધ થઈ રહ્યા છે.

# એમ.પી.ના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણને ચૂંટણી ખર્ચ માટે મહિલાઓ દ્વારા ઘઉંનું દાન

સિહોર,તા.૨




મધ્યપ્રદેશના વિદિશા સંસદીય મતવિસ્તારમાં પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના ઉમેદવાર શિવરાજ સિંહ ચૌહાણને ચૂંટણી લડવા માટે મહિલાઓ મદદ કરવા આગળ આવી રહી છે. અહેવાલો અનુસાર, કેટલીક મહિલાઓ તેમને ઘઉંના ખેતર આપી રહી છે અને કેટલીક તેમને રોકડ આપી રહી છે. પૂર્વ મુખ્યમંત્રી ચૌહાણ બુધવારે સિહોર જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં હતા, જ્યાં મહિલાઓએ તેમને રોકડની સાથે ઘઉંની બોરીઓ આપી અને કહ્યું કે તેઓ આ બધું ચૂંટણી પ્રચાર માટે આપી રહ્યા છે. આ પ્રસંગે પૂર્વ સીએમ પણ ભાવુક થઈ ગયા હતા. શિવરાજે કહ્યું, ‘આજે બહેનોએ ઘઉંની બોરી આપી છે, જ્યારે બહેનને પૂછવામાં આવ્યું કે તે શા માટે આપે છે તો બહેને કહ્યું કે ભાઈ, આ ઘઉં તમારા ચૂંટણી ખર્ચ માટે છે. તેઓ અહીં ઘઉંની બોરી રાખશે અને ચૂંટણી જીત્યા બાદ અહીં કન્યા ભોજન સમારંભ યોજાશે, જેમાં હું પણ હાજરી આપીશ. મારી બહેનો તેમના પલ્લુમાંથી પૈસા કાઢીને મને આપી રહી છે.

**મે મહિનામાં તાપમાન દેશના મોટાભાગના વિસ્તારમાં સામાન્ય કરતાં વધુ રહેશે**

# ૧૨૩ વર્ષમાં પ્રથમવાર એપ્રિલ મહિનો સૌથી ગરમ રહ્યો, આ વખતની ગરમીએ તમામ રેકોર્ડ તોડયા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨



આ વર્ષે એપ્રિલ મહિનો સૌથી વધુ ગરમ રહ્યો હતો. ૧૯૦૧ પછી પ્રથમ વખત, દેશના મોટાભાગના ભાગોમાં એપ્રિલમાં ગરમીનું મોજું મહત્તમ દિવસો સુધી ચાલ્યું હતું. મે મહિનામાં પણ કાળઝાળ ગરમીમાંથી રાહત મળી નથી. આ મહિને દેશના મોટાભાગના વિસ્તારોમાં ગરમીનું પ્રમાણ વધશે અને હીટવેવના દિવસો પણ વધીને ૧૧ દિવસ થઈ શકે છે. જો કે, ૨૦૨૩ અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ માનવામાં આવે છે.

ભારતીય હવામાન વિભાગના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રાએ મે મહિના માટે હવામાનની આગાહીની જાહેરાત કરતી વખતે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે એપ્રિલ મહિનામાં ૫ થી ૭ અને ત્યારબાદ ૧૫ થી ૩૦ તારીખ સુધી હીટવેવના બે રાઉન્ડ આવ્યા હતા. મહાપાત્રાએ કહ્યું હતું કે એપ્રિલ મહિનામાં પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતમાં સરેરાશ લઘુત્તમ તાપમાન ૨૮.૧૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ૧૯૦૧ પછી આ પ્રથમ વખત બન્યું હતું કે એપ્રિલમાં આ વિસ્તારોમાં આટલું ઊંચું લઘુત્તમ તાપમાન હતું. તેઓએ એ પણ અહેવાલ આપ્યો કે દક્ષિણ દ્વીપકલ્પના ભારતમાં સરેરાશ મહત્તમ તાપમાન ૧૯૮૦ ના દાયકાથી સામાન્ય થઈ ગયું છે.

એપ્રિલમાં પૂર્વ, ઉત્તરપૂર્વ અને દક્ષિણ દ્વીપકલ્પના ભારતમાં લાંબા સમય સુધી ગરમી અને ગરમીના મોજાંનું મુખ્ય કારણ વરસાદ અને વીજળીનો અભાવ હતો.

**લૂંટારૂઓનું પગેરૂ મેળવવા ઠેર-ઠેર નાકાબંધી**

# બિહાર અને નેપાળના લૂંટારૂઓએ સાથે મળી બેન્કમાંથી રૂા. ૧.૩૨ કરોડ લૂંટ્યા

(એ.આર.એલ),પટણા,તા.૨



બિહારના પૂર્વ ચંપારણમાં નેપાળના ગુનેગારોએ સાથે મળીને મોટી લૂંટ ચલાવી હતી. પારસા જિલ્લાના બીરગંજમાં બ્રહ્મા ચોક ખાતે આવેલી નોબલ બેંકમાં આ લૂંટ કરવામાં આવી હતી. જેમાં બેંકમાંથી ૧ કરોડ ૩૨ લાખ રૂપિયાની લૂંટ થઈ હતી. પૈસાની લૂંટ કર્યા બાદ જે ગુનેગારો ભારતના હતા તેઓ બોર્ડર ઓળંગીને ભારતમાં આવ્યા હતા અને જેઓ નેપાળના હતા તેઓ નેપાળમાં જ રહ્યા હતા.

આ પછી, તમામ ભારતીય ગુનેગારોએ લૂંટેલી રકમને એકબીજા સાથે વહેંચી દીધી અને તેમના ઘર તરફ રવાના થઈ ગયા. મોતિહારી પોલીસે લૂંટમાં સંડોવાયેલી મહિલા સહિત આંતરરાષ્ટ્રીય લૂંટારૂ ગેંગના બે સભ્યોની ધરપકડ કરી છે. એ જ બેંકમાંથી લૂંટાયેલા રૂપિયામાંથી ૧૮ લાખ ૨૩ હજાર ૨૦૦ રૂપિયા અને લૂંટમાં વપરાયેલી લગભગ તમામ વસ્તુઓ મળી આવી છે.

મોતિહારી જિલ્લાની આ ગેંગ નેપાળને તેના સોફ્ટ ટાર્ગેટ તરીકે રાખતી હતી અને લૂંટની ઘટનાઓને અંજામ આપતી હતી. જ્યારે મોતિહારીના પોલીસ અધિક્ષકને આ ઘટનાની માહિતી મળી, ત્યારે તેમણે ત્રણ ડીએસપી રેન્કના અધિકારીઓને ઘટનાની તપાસની જવાબદારી સોંપી. આ મામલાના તળિયે જવા માટે પોલીસ દિવસ-રાત મોનિટરિંગ કરતી રહી. તેનું પરિણામ એ આવ્યું કે મોતિહારીના પોલીસ અધિક્ષક કંટેશ કુમાર મિશ્રાને આ સફળતા મળી અને ૧ કરોડ ૩૨ લાખ રૂપિયાની લૂંટમાંથી ૧૮ લાખ ૨૩ હજાર રૂપિયા રિકવર કરવામાં આવ્યા.

તમને જણાવી દઈએ કે નેપાળ અને ભારતની સરહદ પર ક્યાંય કાંટાળો તાર નથી. આના કારણે, તે ડ્રગ્સ હોય કે કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ, ગુનેગારો આડેધડ કરે છે. એસપી કંતેશ કુમાર મિશ્રાએ જણાવ્યું કે ચાર દિવસ પહેલા બીરગંજના બ્રહ્મા ચોક સ્થિત નોબેલ બેંકમાં એક કરોડ રૂપિયાથી વધુની લૂંટ થઈ હતી.

# ભાજપે કૈસરગંજમાંથી બ્રિજભૂષણની ટિકિટ કાપી પુત્ર કરણ સિંહને ઉમેદવાર બનાવ્યા

લખનૌ,તા.૨



બીજેપીએ કૈસરગંજના સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહની ટિકિટ રદ કરી દીધી છે. તેમના નાના પુત્ર કરણ ભૂષણ સિંહને ટિકિટ આપવામાં આવી છે. પહેલાથી જ લાગતું હતુ કે બ્રિજભૂષણ સિંહની ટિકિટ કપાઈ શકે છે. કારણ કે તેમને સતત વિરોધનો સામનો કરવો પડી રહ્યો હતો. કુસ્તીબાજોએ લાંબા સમયથી દિલ્હીમાં તેમની સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. જે બાદ તેઓ વિવાદોમાં આવી ગયા હતા.

બીજી તરફ ભાજપે રાયબરેલીથી દિનેશ પ્રતાપ સિંહને મેદાનમાં ઉતાર્યા છે. પાર્ટીએ ઉત્તર પ્રદેશની બે બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરી છે. કરણ ભૂષણ બ્રિજના નાના પુત્ર છે. ભાજપે ઉમેદવારોની યાદી જાહેર કરી છે. કહેવામાં આવી રહ્યું છે કે કરણ ભૂષણ સિંહ શુક્રવારે સવારે ૧૧ વાગે નોમિનેશન ફાઈલ કરી શકે છે. નોમિનેશનના અવસર પર ભાજપના મોટા નેતાઓની ભાગીદારીની ઘણી ચર્ચા છે. બ્રિજભૂષણની જગ્યાએ પાર્ટી તેમના પરિવારના અન્ય સભ્યને મેદાનમાં ઉતારશે તે પહેલાથી જ નક્કી હતું. હવે તેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. કૈસરગંજના સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહને બે પુત્ર છે. મોટા પુત્રનું નામ પ્રતીક ભૂષણ સિંહ અને નાનાનું નામ કરણ ભૂષણ સિંહ છે.

**બ્રિટનની સંસદમાં રવાન્ડા બીલ પાસ થતા**

# બ્રિટન પહોંચેલા હજારો શરણાર્થીઓને અઠવાડિયામાં રવાન્ડા મોકલવામાં આવશે

(એ.આર.એલ),લંડન,તા.૨



યુકેની સંસદે તાજેતરમાં વિવાદાસ્પદ રવાન્ડા દેશનિકાલ બિલ પસાર કર્યું હતું. ઋષિ સુનકે વડાપ્રધાન બનતા પહેલા રવાન્ડા પોલિસી લાગુ કરવાનું વચન આપ્યું હતું. હવે આ અંતર્ગત જુલાઈની શરૂઆતમાં બ્રિટનથી ગેરકાયદેસર શરણાર્થીઓની પ્રથમ બેચ રવાન્ડા મોકલવામાં આવશે. આ માટે અહીંની સરકારે શરણાર્થીઓને અટકાયતમાં લેવાનું કામ શરૂ કરી દીધું છે.

હોમ સેક્રેટરી જેમ્સ ક્લેવરલીએ કહ્યુંઃ ‘અમારી એન્ફોર્સમેન્ટ ટીમો એવા લોકોને ઝડપથી અટકાયતમાં લેવા માટે કામ કરી રહી છે જેમને અહીં રહેવાનો કોઈ અધિકાર નથી. અટકાયતમાં લીધા બાદ તેમને રવાન્ડા મોકલવામાં આવશે.

તમને જણાવી દઈએ કે તાજેતરના વર્ષોમાં ગરીબી અને યુદ્ધના કારણે હજારો લોકો આફ્રિકા, મધ્ય પૂર્વ અને એશિયાઈ દેશોમાંથી બ્રિટન આવ્યા છે. આ લોકો પોતાનો જીવ જોખમમાં મૂકીને નાની હોડીઓમાં ઈંગ્લિશ ચેનલ પાર કરીને બ્રિટન પહોંચે છે. આ શરણાર્થીઓને રોકવા એ બ્રિટિશ સરકારની સૌથી મોટી પ્રાથમિકતા રહી છે. જોકે, ટીકાકારોનું કહેવું છે કે શરણાર્થીઓને રવાન્ડા મોકલવા અમાનવીય છે. બ્રિટિશ સુપ્રીમ કોર્ટે પણ શરણાર્થીઓને રવાન્ડામાં દેશનિકાલ કરવાની નીતિને ગેરકાયદેસર જાહેર કરી છે. વડાપ્રધાન ઋષિ સુનકે તાજેતરમાં યુરોપથી નાની બોટમાં આવતા પ્રવાસીઓ વિશે કહ્યું હતુ કે આ લોકોને રોકવા માટે પહેલા તેમની અટકાયત કરવામાં આવશે.

# દિલ્હીના લે.ગવર્નરે મહિલા આયોગમાંથી ૨૨૩ કર્મચારીઓને બરતરફ કર્યા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨



દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ દિલ્હી મહિલા આયોગના કર્મચારીઓ સામે મોટી કાર્યવાહી કરી છે. લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાના આદેશ પર દિલ્હી મહિલા આયોગના ૨૨૩ કર્મચારીઓને તાત્કાલિક અસરથી બરતરફ કરવામાં આવ્યા છે. આરોપ છે કે દિલ્હી મહિલા આયોગના તત્કાલીન અધ્યક્ષ સ્વાતિ માલીવાલે નિયમોની વિરુદ્ધ જઈને પરવાનગી વિના તેમની નિમણૂક કરી હતી. લેફ્ટનન્ટ ગવર્નરના આદેશમાં ડીસીડબ્લ્યુ એક્ટનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં પંચમાં માત્ર ૪૦ જ જગ્યાઓ મંજૂર હોવાનું કહેવાય છે. DCW પાસે કર્મચારીઓને કોન્ટ્રાક્ટ પર રાખવાની સત્તા નથી.

દિલ્હી મહિલા આયોગ વિભાગના અધિક નિર્દેશક દ્વારા જારી કરાયેલા આ આદેશમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે નવી નિમણૂકો પહેલા, આવશ્યક પદોનું કોઈ મૂલ્યાંકન કરવામાં આવ્યું ન હતું અને ન તો વધારાના નાણાકીય બોજ માટે પરવાનગી લેવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે દિલ્હી મહિલા આયોગની તત્કાલીન અધ્યક્ષ સ્વાતિ માલીવાલ આમ આદમી પાર્ટીની રાજ્યસભા સાંસદ છે. એવો આરોપ છે કે દિલ્હી મહિલા આયોગના તત્કાલીન અધ્યક્ષ સ્વાતિ માલીવાલે તેમની વિરૂદ્ધ જઈને પરવાનગી વિના તેમની નિમણૂક કરી હતી.

# ફાઇટર પછી રિતિક રોશન અને સિદ્ધાર્થ આનંદ ‘ક્રિશ ૪’માં ફરી સાથે કામ કરશે!

(એ.આર.એલ),મુંબઈ,તા.૨

રિતિક રોશનના ફેન્સ ક્રિશ ફ્રેન્ચાઈઝીની ચોથી ફિલ્મ ‘ક્રિશ ૪’ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. દર્શકો માટે ખુશીની વાત છે કે હવે ધીરે ધીરે આ ફિલ્મ સાથે જોડાયેલી નવી માહિતી બહાર આવવા લાગી છે. લેટેસ્ટ અપડેટ ફિલ્મના ડાયરેક્ટર સાથે જોડાયેલું છે, જેને જાણીને રિતિકના ફેન્સની ખુશી બેવડાઈ જશે.

રિપોર્ટ્સ અનુસાર, ડિરેક્ટર સિદ્ધાર્થ આનંદ ‘ક્રિશ ૪’નું નિર્દેશન કરી શકે છે. રિતિક રોશન અને સિદ્ધાર્થ આનંદ આ પહેલા પણ ઘણી વખત સાથે કામ કરી ચુક્યા છે. બંનેએ ‘બેંગ બેંગ‘, ‘વોર’ અને ‘ફાઈટર’માં કામ કર્યું હતું. તેમાંથી ‘વોર’ અને ‘ફાઈટર’ દર્શકોને ખૂબ પસંદ આવી હતી. આ ફિલ્મો બોક્સ ઓફિસ પર પણ સફળ રહી હતી અને કરોડો રૂપિયાનું કલેક્શન કર્યું હતું.

# સલમાનના ઘરની બહાર ફાયરિંગ કરનાર આરોપીએ ફાંસી લગાવી

(એ.આર.એલ),મુંબઈ,તા.૨



સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગના કેસમાં જેલમાં રહેલા એક આરોપીએ બાથરૂમમાં ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી છે. જેના પર આરોપીના પરિવારજનો અને ગ્રામજનોની પ્રતિક્રિયા સામે આવી છે. તેણે તેને હત્યા ગણાવી છે. પોલીસની બેદરકારી પર પરિવાર અને ગ્રામજનોએ પણ સવાલો ઉઠાવ્યા હતા. દરમિયાન, આ મામલામાં મુંબઈ પોલીસે આઝાદ મેદાન પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોતનો અહેવાલ નોંધાવ્યો છે. મુંબઈમાં અભિનેતા સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કરવાના કેસમાં ચારની ધરપકડ કરવામાં આવી છે. કોર્ટના આદેશથી ચારેય આરોપીઓને જેલ હવાલે કરાયા હતા. પરંતુ ચારમાંથી એક આરોપીએ જેલની અંદર ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી અનુજ થાપને બુધવારે જેલના બાથરૂમમાં ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી હતી. તેણે કાર્પેટમાંથી ફાંસો બનાવ્યો હતો. તે પંજાબના ફાઝિલ્કા જિલ્લાના સુખચૈન ગામનો રહેવાસી હતો.

# નક્સલીઓએ બાતમીદાર હોવાની શંકાએ બે ગ્રામજનોની હત્યા કરી

(એ.આર.એલ),બીજાપુર,તા.૨

બીજાપુર જિલ્લામાં નક્સલીઓએ બે ગ્રામજનોની હત્યા કરી નાખી. નક્સલવાદીઓએ છુટવાહી ગામના બે ગ્રામજનોને પોલીસના બાતમીદારો કહીને હત્યા કરી નાખી છે. જો કે આ લખાય છે ત્યાં સુધી આ ઘટનાની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ નક્સલવાદીઓએ મારેલા બે ગ્રામજનોના નામ જોગા માંડવી અને હુંગા માંડવીનો સમાવેશ થાય છે. બંને તારેમ પોલીસ સ્ટેશન વિસ્તારના છુટવાહી ગામના રહેવાસી છે. આ મામલે બીજાપુર એસપીએ કહ્યું છે કે માહિતી મળી છે અને ચકાસણી બાદ સંપૂર્ણ માહિતી આપવામાં આવશે.

# પંજાબના ગેંગસ્ટર ગોલ્ડી બ્રારની હત્યાના સમાચાર અમરિકાની પોલીસે નકાર્યા

(એ.આર.એલ),વોશિગ્ટન,તા.૨



પંજાબનો વોન્ટેડ ગેંગસ્ટર ગોલ્ડી બ્રાર જીવતો છે. તેમના મૃત્યુના સમાચાર બુધવારે મીડિયામાં આવ્યા હતા. ત્યારબાદ, કેલિફોર્નિયાના ફ્રેસ્નો પોલીસ વિભાગે આ વાતને નકારી કાઢી હતી. ગોળીબારની ઘટનામાં બે હુમલાખોરોમાંથી એક કેનેડા સ્થિત ગેંગસ્ટર ગોલ્ડી બ્રાર હતો. તમને જણાવી દઈએ કે બુધવારે ગોલ્ડી બ્રારના મોતના સમાચાર સામે આવ્યા બાદ ગેંગસ્ટર અર્શ દલ્લા અને લખબીરે પણ તેની જવાબદારી લીધી હતી. ફ્રેસ્નો પોલીસ વિભાગના લેફ્ટનન્ટ વિલિયમ જે. ડુલીએ જણાવ્યું હતું કે ગોળીબારનો ભોગ બનેલ ગોલ્ડી બ્રાર હોવાનો દાવો કરતી ઓનલાઈન ચેટને કારણે અમે પુષ્ટિ કરી શકીએ છીએ કે આ સાચું નથી. તેમણે કહ્યું કે સોશિયલ મીડિયા અને ઓનલાઈન ન્યૂઝ એજન્સીઓ પર ફેલાયેલી માહિતીના પરિણામે અમને વિશ્વભરમાંથી પ્રશ્નો મળ્યા છે. અમને ખબર નથી કે આ અફવા કોણે શરૂ કરી, પરંતુ તે પકડાઈ અને જંગલની આગની જેમ ફેલાઈ ગઈ. પરંતુ તે સાચું નથી. પોલીસે હજુ સુધી હુમલો કરનારા બે માણસોની ઓળખ કરી શકી નથી, જેમાંથી એકનું પછીથી હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. જ્યારે બીજા વ્યક્તિને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. મંગળવારે સાંજે લડાઈ પછી ફ્રેસ્નોની ઉત્તર-પશ્ચિમ બાજુએ ફેરમોન્ટ અને હોલ્ટ એવન્યુ પર બે યુવાનો પર હુમલો કરવામાં આવ્યો હતો.

# હિમાચલપ્રદેશમાં માર્ગ અકસ્માતમાં સુરેશ રૈનાના મામાના દીકરાનું નિધન

**સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે ગગ્ગલ પોલીસે આરોપીની ધરપકડ કરી**

(એ.આર.એલ),કાંગડા,તા.૨



ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ખેલાડી સુરેશ રૈનાના મામાના દીકરા એટલે કે ક્રિકેટરના પિતરાઇ ભાઇનું રોડ એક્સિડન્ટમાં મૃત્યુ થઈ ગયું છે. આ અકસ્માત હિમાચલ પ્રદેશના કાંગડા જિલ્લામાં થયો હતો જેમાં કુલ બે લોકોના મોત થયા છે. અકસ્માત બાદ આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો, જો કે કાંગડા પોલીસે હવે તેની ધરપકડ કરી લીધી છે અને કેસની તપાસ કરી રહી છે.

રિપોર્ટ અનુસાર કાંગડા જિલ્લાના ગગ્ગલમાં માર્ગ અકસ્માતમાં બે યુવકોના મોત થયા છે. યુવકોમાંનો એક ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સુરેશ રૈનાનો પિતરાઈ ભાઈ હતો, જેની ઓળખ ગગ્ગલના રહેવાસી મંગો રામના પુત્ર સૌરભ તરીકે થઈ છે. બીજા યુવકની ઓળખ ૧૯ વર્ષીય શુભમ તરીકે થઈ છે, જે કુથમન ગામના રહેવાસી હતો. મળતી માહિતી મુજબ, રાત્રે લગભગ ૧૧.૩૦ વાગ્યે સૌરભ શુભમ સાથે સ્કૂટી પર ગગ્ગલથી બનોઈ તરફ જઈ રહ્યો હતો. તે દરમિયાન સામેથી આવતા અજાણ્યા વાહને સ્કૂટરને ટક્કર મારી હતી. વાહનની ટક્કરથી સ્કૂટર પર સવાર યુવક ગંભીર રીતે ઘવાયો હતો. તે જ સમયે આરોપી ડ્રાઈવર ટક્કર માર્યા બાદ સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે ગગ્ગલ પોલીસે આરોપીની ધરપકડ કરી અને તેનું વાહન પણ જપ્ત કર્યું હતું.

# રશિયા યુક્રેન સામે રાસાયણિક હથિયારોનો ઉપયોગ કરી રહ્યું હોવાનો અમેરિકાનો દાવો

વોશિગ્ટન,તા.૨

રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલુ છે. દરમિયાન બુધવારે યુનાઈટેડ સ્ટેટ્સે રશિયા પર યુક્રેન સામેના આંતરરાષ્ટ્રીય કેમિકલ હથિયાર પ્રતિબંધનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો. અમેરિકાનું કહેવું છે કે રશિયાએ યુક્રેનિયન સૈનિકો સામે ચોકીંગ એજન્ટ ક્લોરોપીક્રીન તૈનાત કર્યું છે. અમેરિકાએ રશિયા પર યુક્રેનમાં રમખાણ નિયંત્રણ એજન્ટોનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. તમને જણાવી દઈએ કે, ઓર્ગેનાઈઝેશન ફોર ધ પ્રોહિબિશન ઓફ કેમિકલ વેપન્સ દ્વારા ક્લોરોપીક્રીનને પ્રતિબંધિત ચોકીંગ એજન્ટ તરીકે સૂચિબદ્ધ કરવામાં આવી છે.

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે એક નિવેદનમાં કહ્યું કે રશિયન સેના યુક્રેનિયન દળોને તેમના ગઢમાંથી ભગાડવા માટે આવા રસાયણોનો ઉપયોગ કરી રહી છે. હકીકતમાં, તાજેતરના મીડિયા અહેવાલમાં યુક્રેનિયન આર્મીના હવાલાથી કહેવામાં આવ્યું છે કે રશિયાએ એજન્ટોનો ગેરકાયદેસર ઉપયોગ વધાર્યો છે. ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૨ ની રાત્રે, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિને યુક્રેન વિરુદ્ધ લશ્કરી કાર્યવાહીની જાહેરાત કરી. થોડા કલાકો પછી, એટલે કે ૨૪ ફેબ્રુઆરીની વહેલી સવારે, યુક્રેનની રાજધાની કિવ અને આસપાસના શહેરોમાં અચાનક હવાઈ હુમલાઓ થવા લાગ્યા. રશિયાના આ હુમલાથી સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચી ગયો છે.

**આ સિઝનમાં પાંચમી વખત ૨૦૦ રનનો આંકડો પાર કર્યો**

# હૈદરાબાદે રાજસ્થાનને જીતવા માટે ૨૦૨ રનનો ટાર્ગેટ આપ્યો



હૈદરાબાદ, તા.૨

IPL-૨૦૨૪ની ૫૦મી મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે રાજસ્થાન રોયલ્સને જીતવા માટે ૨૦૨ રનનો ટાર્ગેટ આપ્યો છે. ટીમે આ સિઝનમાં પાંચમી વખત ૨૦૦ રનનો આંકડો પાર કર્યો છે. હૈદરાબાદના હોમ ગ્રાઉન્ડ રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે ટૉસ જીતીને બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૩ વિકેટે ૨૦૧ રન બનાવ્યા હતા. નીતિશ કુમાર રેડ્ડીએ ૪૨ બોલમાં ૭૬ રનની ઈનિંગ રમી હતી જ્યારે ટ્રેવિસ હેડે ૪૪ બોલમાં ૫૮ રનનું યોગદાન આપ્યું હતું. હેનરિક ક્લાસને ૧૯ બોલમાં અણનમ ૪૨ રન બનાવ્યા હતા. રાજસ્થાન તરફથી બોલર આવેશ ખાને ૨ વિકેટ લીધી હતી. સંદીપ શર્માને ૧ વિકેટ મળી હતી. જવાબમાં રાજસ્થાનની ટીમે આ લખાય છે, ત્યાં સુધીમાં ૬ ઓવરમાં ૨ વિકેટ ગુમાવીને ૬૦ રન બનાવી લીધા હતા. જેમાં યશસ્વી જયસ્વાલે ૧૮ બોલમાં ૩૨ અને રિયાન પરાગ ૨૫ રન બનાવીને રમતમાં હતા. જ્યારે બે બેટસમેન જોસ બટલર અને સંજુ સેમસન તો ખાતુ ખોલાવ્યા વિના જ પરત ફર્યા હતા.

ગુજરાત પ્રવાસ દરમ્યાન મુખ્યમંત્રી, પ્રદેશ ભાજપ પ્રમુખ સહિત આગેવાનો સાથે

# પ્રદેશ કાર્યાલય ખાતે બેઠક યોજતા મોદી

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૨

લોકસભા ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસે પહોંચ્યા હતા. આ દરમ્યાન પ્રદેશ કાર્યાલય કમલમની તેમણે મુલાકાત લીધી. આ દરમ્યાન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી ખાસ હાજર રહ્યા હતા. બેઠકમાં ચૂંટણીલક્ષી વિવિધ ચર્ચા કરવામાં આવી.

કમલમમાં નેતાઓ સાથે બેઠક પૂર્ણ કરી વડાપ્રધાન મોદી રવાના થયા હતા. મહત્વનું છે કે મોદીની કમલમમાં બેઠક બાદ પ્રદેશ નેતૃત્વ વચ્ચે બેઠક યોજાઈ હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પાટીલ અને હર્ષ સંઘવી વચ્ચે મહત્વની બેઠક યોજાઈ હતી. મહત્વનું છે કે લોકસભા ચૂંટણી પહેલા આ મહત્વની બેઠક કહી શકાય. કમલમ ખાતે લોકસભા ચૂંટણી



૨૦૨૪ને લઈ આગામી રણનીતિ અને ચૂંટણીલક્ષી કાર્યક્રમોને લઈને બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં આઈ.કે.જાડેજા, સંગઠન મહામંત્રી રત્નાકરજીની સૂચક હાજરી રહી હતી.

મોદીની મુલાકાત અંગે પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલે માહિતી આપી છે. તેમણે જણાવ્યું કે, મોદીના આવવાથી કાર્યકરોનો જુસ્સો વધ્યો હતો. ૨૫ કમિટીઓનાં ૧૯૫ સભ્યો સાથે મોદીએ ચર્ચા કરી હોવાનું પાટીલે જણાવ્યું. ખાસ કરીને પ્રચારની કામગીરી અંગે મોદીએ પોતાના સમયના અનુભવ અંગે ચર્ચા કરી હોવાનું સામે આવ્યું હતું.

રાજ્યમાં આજે ત્રણ લોકોના હાર્ટ એટેકથી મોત

# છેલ્લા એક વર્ષમાં ગુજરાતમાં કાર્ડિયાકના ૭૫ હજાર કેસ નોંધાયા

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨

ગુજરાતમાં યુવાનોમાં હાર્ટએટેકના કિસ્સાઓ વધી રહ્યા છે. રાજ્યભરમાં છેલ્લા ઘણા સમયથી હાર્ટએટેકને કારણે યુવાનોએ જીવ ગુમાવ્યા છે. ત્યારે રાજકોટમાં હાર્ટએટેકના ૨ કિસ્સા સામે આવ્યા છે અને નવસારીમાં હાર્ટએટેકનો એક કેસ સામે આવ્યો છે. રાજકોટમાં ૧૭ વર્ષીય સગીર અને ૪૦ વર્ષીય યુવકનું હાર્ટએટેકથી મૃત્યુ થયું છે. હર્ષિલ ગોરી નામના ૧૭ વર્ષીય સગીરનું હાર્ટએટેકથી મૃત્યુ થયું અને હનુમાન મઢી ચોકમાં રહેતા ૪૦ વર્ષીય મુકેશભાઈ કોરિયાતરનું મૃત્યુ થયું. જયારે નવસારીમાં ૩૪ વર્ષીય નરેન્દ્ર કુમાર ઋષિનું હાર્ટએટેકથી મૃત્યુ થયું છે. તે બાઈક પર જઈ રહ્યો હતો ત્યારે હાર્ટએટેક આવ્યો. તેને સારવાર અર્થે ખસેડવામાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યો, જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યો. ઉલ્લેખનીય છે કે કોરોના સામે રક્ષણ આપતી કોવિશિલ્ડ



વેક્સિનની આડઅસર થાય છે, એ વાત કોવિશિલ્ડ બનાવતી કંપની એસ્ટ્રાઝેનકાએ બ્રિટનની કોર્ટમાં કબૂલ કરી. એ પછી આ અંગે ઘણો વિવાદ ઉભો થયો. ત્યારે કોવિશિલ્ડ વેક્સિનની આડઅસરના ઉહાપોહ વચ્ચે હૃદયરોગ સંબંધિત ઈમરજન્સી ૨૩ ટકા વધી હોવાની વાત સામે આવી છે. મળતી માહિતી અનુસાર, ગુજરાતમાં એક જ વર્ષમાં કાર્ડિયાકનાં ૭૫ હજાર કેસ આવ્યા, જયારે ગયા વર્ષે આ સંખ્યા ૬૧ હજાર હતી. કોવિશિલ્ડ બનાવતી કંપની એસ્ટ્રાઝેનકાએ કબૂલ્યું કે કોવિશિલ્ડ વેક્સિનની આડઅસર થાય છે, જેમાં લોહી ગંઠાઈ જવાની સમસ્યાઓ થાય છે. લોહીના ગંઠાઈ જવાને કારણે હૃદય બંધ થઈ જાય છે, બ્રેઈન સ્ટ્રોક, કિડની ફેલ થવી જેવી સમસ્યાઓ થાય છે. ત્યારે આ વેક્સિનની આડઅસરનાં મામલે લોકોમાં ચર્ચાઓ ચાલી રહી છે.

જણાવી દઈએ કે રાજ્યમાં ૧૦.૫૦ કરોડથી વધુ લોકોને કોવિશિલ્ડના ડોઝ આપવામાં આવ્યા હતા. કોવિશિલ્ડ વેક્સિનની આડઅસરની ચર્ચાઓ વચ્ચે કેટલાક નિષ્ણાતોનું કહેવું છે કે માત્ર થોડાંક જ લોકોને તેની આડઅસર થઈ છે, પરંતુ રાજ્યમાં હૃદયરોગ સંબંધિત ઈમરજન્સીમાં છેલ્લા એક વર્ષમાં ૨૩ ટકા વધારો થયો છે. રાજ્યમાં ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને વર્ષ ૨૦૨૨-૨૩માં ૬૧૦૭૬ કૉલ મળ્યા હતા, પણ વર્ષ ૨૦૨૩-૨૪માં ૭૫૩૯૦ કોલ્સ મળ્યા છે. આ કિસ્સાઓમાં દર્દીઓને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. ગુજરાતમાં કાર્ડિયાક ઈમરજન્સીનાં સૌથી વધુ કેસ અમદાવાદમાં આવ્યા છે. જયારે બીજા સૌથી વધુ કેસ સુરતમાં નોંધાયા.

# રાજ્યના ૪૫ સ્ટેટના રાજવીઓએ પ્રધાનમંત્રીને સમર્થન જાહેર કર્યું

રાજકોટ,તા.૨

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે આગામી તા. ૭ મેના મતદાન થવાનું છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલ ગુજરાતના પ્રવાસે છે. આજે ૨ મેના તેઓ સૌરાષ્ટ્રમાં જામનગર, જૂનાગઢ અને સુરેન્દ્રનગરમાં પ્રચાર કરી રહ્યા છે. ત્યારે રાજકોટના રાજવીને ત્યાં રાષ્ટ્ર પ્રથમને ધ્યાનમાં રાખી પ્રથમ ચિંતન બેઠકમાં ગુજરાતનાં ૪૫ સ્ટેટના રાજવીઓ દ્વારા રાષ્ટ્રહિત માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સમર્થન જાહેર કરવામાં આવ્યું છે. આ તકે



રાજકોટના રાજવી માંધાતાસિંહ જાડેજાએ કોઈ ઉમેદવારને બદલે નરેન્દ્ર મોદીને મત આપવાની વાત કરી છે. આ સાથે નાના વિવાદોને ભૂલી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિપ્રેક્ષમાં વિચારીને રાષ્ટ્રહિત માટે વર્ષ ૨૦૨૪ની ચૂંટણીમાં મોદીને ૪૦૦+ કમળના ફૂલની ભેટ આપવાનું જણાવ્યું. જ્યારે ક્ષત્રિય સમાજના આંદોલન અંગે તેમણે કહ્યું કે, ક્ષત્રિય સમાજ અને ભારતીય જનતા પક્ષ વચ્ચે હાલ સંવાદ ચાલુ છે અને ભવિષ્યમાં તેનું સુખદ સમાધાન થઈ જશે.

# અમદાવાદમાં માથા પર દારૂના ગ્લાસ સાથે ડાન્સ કરતી યુવતીઓનો વીડિયો વાયરલ

અમદાવાદ,તા.૨

અમદાવાદ શહેરમાં થોડા સમય પહેલાં સિંધુભવન રોડ પર બર્થ ડે પાર્ટી બાદ એક સ્પા ગર્લને માર મારવાનો વીડિયો સામે આવ્યો હતો. ત્યારબાદ આ વીડિયો ખૂબ વાઈરલ થયો અને આ સંદર્ભે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારે ફરી એક વખત અમદાવાદના પૂર્વ વિસ્તારનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં એક સ્પાની અંદર સ્પા ગર્લ બર્થ ડે પાર્ટી મનાવી રહી હોય એવું દેખાઈ રહ્યું છે. તેની સાથે બીજી યુવતીઓ પણ છે અને બર્થ ડે



કેકની સાથે દારૂનો ગ્લાસ માથા પર મૂકીને એનિમલ ફિલ્મના સોંગ જમાલકુડુ પર ડાન્સ કરતી જોવા મળી રહી છે. આ વીડિયો નરોડા વિસ્તારનો હોવાની વાત વહેતી થઈ છે, જે અંગે અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.






# માત્ર ભણેલા જ નહી ગણેલા પણ રાજનીતિમાં આગળ આવે છે : ભરત સુતરીયા

(એ.આર.એલ),અમરેલી,તા.૨

ગુજરાતમાં લોકસભા ૨૦૨૪ની ચૂંટણીના મતદાનને આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે અમરેલી બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુમ્મર અને ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી રહી છે. આ દરમિયાન જેનીબેન ઠુમ્મરે ભાજપના ઉમેદવારને ઓપન ચેલેન્જ આપતા કહ્યું કે, 'હું કોઈ પણ મંચ પર ભાજપના ઉમેદવાર નક્કી કરે તે મુદ્દા પર ચર્ચા કરવા તૈયાર છું.' જો કે, ભાજપના ઉમેદવારે આ ચેલેન્જનો સ્વીકાર કરીને જવાબ આપ્યો છે.

કોંગ્રેસ ઉમેદવાર જેનીબેન ઠુમ્મરને જવાબ આપતા ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાએ કહ્યું કે, જ્યારે કેશુભાઈ પટેલ મુખ્યમંત્રી હતા, ત્યારે તેઓ (કોંગ્રેસ) કહેતા કે, કેશુભાઈ પટેલ સાત ચોપડી ભણેલા છે, પરંતુ તેમણે કોઠાસૂઝથી અનેક વિકાસના





કામ કરી બતાવ્યા. કોંગ્રેસના શાસનમાં અમરેલીનો વિકાસ થયો નથી. હું ઓછો ભણેલો પરંતુ ગણેલો છું, ભણેલા જ નહીં ગણેલા પણ રાજનીતિમાં આગળ વધીને વિકાસના કામ કરી શકે છે.'

અમરેલી લોકસભા બેઠક પર વર્ષ ૧૯૫૭થી ૨૦૧૯ સુધીમાં ૧૬ વખત ચૂંટણી યોજાઈ છે. જેમાં ૮ વખત કોંગ્રેસ, ૭ વખત ભાજપ અને ૧ વખત જનતાદળના ઉમેદવારની જીત થઈ છે. અમરેલી લોકસભા બેઠક પર ૧૯૫૭થી ૧૯૮૪ દરમિયાન સાત ટર્મ સુધી સતત ૨૭ વર્ષ સુધી કોંગ્રેસનું શાસન રહ્યું હતું. જો કે, ૧૯૮૯માં જનતા દળના મનુભાઈ કોટડિયાએ આ બેઠક જીતી હતી. ત્યારબાદ ૧૯૯૧માં ભાજપે દિલીપભાઈ સંઘાણીને મેદાનમાં ઉતાર્યા હતા.











# સાબરકાંઠામાં ઓનલાઈન પાર્સલમાં બ્લાસ્ટ : બેના મોત

(એ.આર.એલ),હિંમતનગર,તા.૨

આજકાલ લોકો દરેક વસ્તુ ઓનલાઈન મંગાવતા હોય છે ત્યારે જો તમે ઓનલાઈન પાર્સલ મંગાવ્યું હોય તો સાવધાન થઈ જજો. કારણ કે, ઓનલાઈન મંગાવેલા પાર્સલ જીવલેણ સાબિત થઈ શકે છે. સાબરકાંઠાના વડાલી વેડામાં એક ઘરમાં આવેલા પાર્સલમાં મોટો બ્લાસ્ટ થયો હતો. ઓનલાઈન મંગાવેલ પાર્સલમાં બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટમાં બે લોકોના મૃત્યુ થયા છે. તો એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સાબરકાંઠાના વડાલી વેડામાં એક પરિવારે ઓનલાઈન પાર્સલ મંગાવ્યું હતું. તેઓએ ઓનલાઈન પાર્સલમાં એક વસ્તુ મંગાવી હતી. જેમાં પાર્સલ ખોલતાની સાથે જ ઘરમાં મોટો બ્લાસ્ટ થયો હતો. બ્લાસ્ટમાં ત્રણ લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા, જેઓને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

